# Gujarat State Eligibility Test
## for Assistant Professor
[Accredited by UGC, New Delhi]

# GSET 2026

to be conducted on

**Sunday, 29th November 2026**

By Gujarat State Nodal Agency
The Maharaja Sayajirao University of Baroda, Vadodara

www.gujaratset.ac.in

# Information Bulletin

અનુક્રમણિકા – Table of Contents

અગત્યના નિયમો/માહિતી તથા તારીખ ....3
Important Rules/Information and Dates ....8
GSET અને અનુસ્નાતક વિષય ....12
GSET & Post Graduation Subject ....13
પરીક્ષા કેન્દ્રો - Examination Centres ....14
પરીક્ષા ફી ....15
Fee ....15
પાત્રતા / લાયકાતનાં માપદંડ ....16
Condition of Eligibility ....17
પરીક્ષા પદ્ધતિ ....18
Scheme of Examination ....19
પરીક્ષાનો અભ્યાસક્રમ ....20
Syllabus of GSET Examination ....20
દિવ્યાંગ ઉમેદવારો માટેની જોગવાઈ ....20
Provisions for persons with disability ....21
પરીણામ જાહેર કરવા માટે ની કાર્યપધ્ધતિ અને માપદંડ ....22
Procedure and Criteria for Declaration of Result ....23
અરજી કેવી રીતે કરશો ? (અરજી ઓનલાઇન કરવાની રહેશે) ....24
ઓનલાઇન અરજી ફોર્મ ભરવા અનિવાર્ય બે ફરજિયાત પગલાં ....24
પગલું ૧ - પરીક્ષા ફી ભરવી. ....**24**
પગલું ૨ - **GSET** પરીક્ષા માટે ઓનલાઇન ઉમેદવારી ની નોંધણી કરો ....**24**
How to Apply (Application to be submitted Online) ....25
Two Mandatory Steps for submission of Online Application Form ....25
**Step 1 - Pay Examination Fee ....25**
**Step 2 - Register Online for GSET Examination ....25**
હોલ ટિકિટ ....26
Hall Ticket ....26
OMR ઉત્તરપત્રક ભરવા માટેની માર્ગદર્શિકા ....27
Guidelines for filling the OMR answer sheet ....27
GSET સાથે રજૂઆત / સંદેશા વ્યવહાર ....28
Representation/ Correspondence with GSET ....28
GSET પ્રમાણપત્રની ખરાઈ ....29
GSET Certificate Verification ....30
ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ અને પરીક્ષાના નિયમોનો ભંગ ....31
Unfair Means Practices and Breach of Examination Rules ....32

# અગત્યના નિયમો/માહિતી તથા તારીખ

| | |
|---|---|
| ઓનલાઇન ફી ચુકવણી (પગલું ૧) | ૨૨ જૂન ૨૦૨૬ થી ૨૧ જુલાઇ ૨૦૨૬ |
| ઓનલાઇન રજીસ્ટ્રેશન (પગલું ૨) | ૨૨ જૂન ૨૦૨૬ થી ૨૨ જુલાઇ ૨૦૨૬ |
| GSET પરીક્ષા માટે ફી ભરવી(પગલું-૧) અને ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું (પગલું-૨), બંને ફરજીયાત છે. | |
| પરીક્ષાની તારીખ | રવિવાર, ૨૯ નવેમ્બર ૨૦૨૬ |
| પરીક્ષાનો સમયગાળો | 3 કલાક (સવારે ૦૯:30 થી બપોરે ૧૨:30) |
| પરીક્ષાનો સમય | પેપર – I ૧ કલાક (સવારે ૦૯.30 થી સવારે ૧0.30)<br>પેપર – II ૨ કલાક (સવારે ૧0.30 થી બપોરે ૧૨.30) |
| વેબસાઇટ | www.gujaratset.ac.in |

- ગુજરાત રાજ્ય વતી, નોડલ એજન્સી ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા, ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અધ્યાપક સહાયક માટે ગુજરાત રાજ્યના ઉમેદવારોની લાયકાત નક્કી કરવા માટે, રવિવાર, ૨૯ નવેમ્બર ૨૦૨૬ ના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૨ કેન્દ્રો પર ૩૬ વિષયોમાં ૨૦મી ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ (GSET) યોજવાની જાહેરાત કરે છે.
- ઉમેદવારે **ફી ચૂકવતા અને ઓનલાઈન અરજી ફોર્મ ભરતા પહેલાં** આ માહિતી પુસ્તિકાની તમામ માહિતી અને સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી લેવી અને પોતે પરીક્ષા આપવા માટે યોગ્ય લાયકાત ધરાવે છે તેની ખાતરી કરી લેવી. સૂચનાઓનું પાલન ન કરનાર ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવશે.
- GSET પરીક્ષા માટે અનામત નીતિ ગુજરાત સરકાર અનુસાર રહેશે. ઉમેદવારોએ **GSET** માટેની અરજીમાં તેમના દાવાઓના સમર્થનમાં, માત્ર ગુજરાત રાજ્ય દ્વારા જ આપવામાં આવેલ જરૂરી પ્રમાણપત્રો છે તેની ખાતરી કરવી આવશ્યક છે. કેટેગરી-વાર  ક્વોલિફાઇંગ સ્લોટ, ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે ગુજરાત રાજ્યની પ્રવર્તમાન અનામત નીતિના આધારે હશે.
- SEBC ઉમેદવારોએ ખાતરી કરવી જોઈએ કે NCL (નોન-ક્રિમી લેયર) પ્રમાણપત્ર તાજેતરનું તથા કાયદા માન્ય છે. ગુજરાત રાજ્યના **SEBC** ઉમેદવારો પાસેથી કેન્દ્ર સરકારના **OBC** પ્રમાણપત્ર સ્વીકાર્ય નથી.
- General-EWS ઉમેદવારોએ ખાતરી કરવી જોઈએ કે EWS પ્રમાણપત્ર તાજેતરનું તથા કાયદામાન્ય છે.
- **અન્ય રાજ્ય ના અનામત વર્ગના ઉમેદવારો , એટલે કે ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારો, ને General કેટેગરીના ઉમેદવાર ગણવામાં આવશે. ફક્ત ગુજરાત રાજ્યના કાયમી નિવાસી ઉમેદવારો જ અનામતનો લાભ મેળવી શકે છે. તેથી, અન્ય રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોએ તેમના ઓનલાઈન અરજી ફોર્મમાં General કેટેગરી પસંદ કરવી આવશ્યક છે. આમ કરવામાં નિષ્ફળતા અપરાધ ગણાશે. GSET નું પરિણામ પ્રોવિઝનલ (શરતોને આધિન) હોય છે, અને ભૂલથી જો આવા ઉમેદવારો અનામત વર્ગ હેઠળ ઉત્તીર્ણ થાય છે, તો તેમને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે.**
- **ઉમેદવારે ઓનલાઇન અરજીની પ્રીન્ટ કોપી, ફી પાવતી  કે પરીક્ષા માટેની યોગ્યતા માટે ના કોઇપણ પ્રમાણપત્ર ગુજરાત SET કાર્યાલય, વડોદરા ને મોકલવા નહી.**
- ઉમેદવાર GSET ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે સંજોગોમાં, એપ્લીકેશન ફોર્મ અને પરીક્ષાની હોલ ટિકીટ સાથે શૈક્ષણીક લાયકાત અને કેટેગરીને લાગતા દસ્તાવેજો, ગુણ પત્રકો, પ્રમાણપત્રો વિગેરે.. ફરજીયાત સાચવવાના

રહેશે કે જેથી GSET લાયકાત ધરાવતા ઉમેદવારની અધ્યાપક સહાયક તરીકે નિમણુંક આપતા પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટી અથવા સરકારી/સંલગ્ન/ખાનગી કોલેજ દ્વારા ફરજીયાત કરવાની થતી GSET પ્રમાણપત્રની ખરાઈ વખતે રજુ કરી શકાય. આથી ઉપર જણાવેલ તમામ દસ્તાવેજો સાચવીને રાખવા એ ઉમેદવારના પોતાના હિતમાં છે.

- અધ્યાપક સહાયક માટેની લાયકાત GSET ના બંને પેપરમાં ઉમેદવારના પ્રદર્શન પર નિર્ભર રહેશે. જે ઉમેદવારો અધ્યાપક સહાયક માટેની ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ (GSET) માં ઉત્તીર્ણ થશે તેઓની અધ્યાપક સહાયક પદે નિમણુંક, સંબંધિત યુનિવર્સિટીઓ/કોલેજો/ગુજરાત રાજ્ય સરકારના નિયમો અને નિયમન દ્વારા સંચાલિત અને આધિન રહેશે.
- રવિવાર, ૨૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ આયોજિત GSETનું પરિણામ જ્યારે જાહેર કરવામાં આવે ત્યારે **www.gujaratset.ac.in** વેબસાઇટ પર મૂકવામાં આવશે. ઉમેદવારોને તેમના પરિણામ વિશે વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવશે નહીં.
- **જે ઉમેદવાર પહેલાથી જ કોઈ વિષયમાં GSET લાયકાત ધરાવે છે તેને તે જ વિષયમાં GSET માટે ફરીથી બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ગુજરાત SET કાર્યાલય / UGCને આ નિયમનો ભંગ જણાશે તેવા સંજોગોમાં ઉમેદવારની ઉમેદવારી તથા GSET પ્રમાણપત્ર રદ કરવામાં આવશે અને તેમની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.**
- **જે ઉમેદવારો બે વર્ષના માસ્ટર ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષમાં અથવા ચાર સેમેસ્ટરના માસ્ટર ડિગ્રી કોર્સના પ્રથમ બે સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહ્યા છે અથવા પાંચ વર્ષના ઇન્ટિગ્રેટેડ માસ્ટર્સ કોર્સના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે, તેઓ આ પરીક્ષામાં બેસવા માટે પાત્ર નથી.**
- **GSET પરીક્ષા માટે આવશ્યક ફી ભરવી(પગલું-૧) અને ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું (પગલું-૨), બંને ફરજીયાત છે.** અન્ય કોઈપણ રીતે કરેલ અરજી સ્વીકારવામાં આવશે નહી. ગુજરાત SET કાર્યાલય દ્વારા એપ્લિકેશન ફોર્મ પ્રિન્ટ (હાર્ડ કોપી)માં પણ સ્વીકારવામાં આવશે નહીં.
- એપ્લિકેશન ફોર્મ, માહિતી પુસ્તિકામાં પ્રસિધ્ધ થયેલ ધારાધોરણો અનુસાર સંપૂર્ણ હોવું જોઇએ. તમામ અધૂરાં / અપૂર્ણ એપ્લિકેશન ફોર્મ રદ કરવામાં આવશે. ઉમેદવારે પોતાના ઓનલાઇન એપ્લિકેશન ફોર્મમાં આપેલ, નામ, સરનામું / સંપર્કની વિગતો, કેટેગરી, વિકલાંગતા, શૈક્ષણિક લાયકાતની વિગતો, જન્મતારીખ, પરીક્ષા કેંદ્ર, વિગેરે.. વિગતો અંતિમ માનવામાં આવશે. રજીસ્ટ્રેશન સમય મર્યાદા પુર્ણ થયા બાદ, આ વિગતોમાં સુધારાની કોઇપણ વિનંતિ/ અરજી ગુજરાત SET કાર્યાલય દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **પરીણામ જાહેર થયા પહેલાં અથવા બાદમાં, ઉમેદવારના વિષય કે કેટેગરીમાં ફેરફાર અંગેની કોઈપણ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહી.**
- ઉમેદવારે ફક્ત એક જ અરજી સબમિટ કરવાની છે. એક કરતા વધુ અરજી એટલે કે **ઉમેદવાર દ્વારા સબમિટ કરેલા એક થી વધુ એપ્લિકેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**
- **અંતિમ તારીખ બાદ ઓનલાઇન એપ્લિકેશન અને પરીક્ષા ફી કોઈપણ સંજોગોમાં ભરી શકાશે નહીં.**
- ગુજરાત SET કાર્યાલય કોઈપણ સંજોગોમાં ઉમેદવાર દ્વારા દાખલ કરેલી કોઈપણ માહિતીને સંપાદિત / સંશોધિત / બદલી શકતી નથી. તેથી, ઉમેદવારોને અરજી ફોર્મ અને OMR જવાબ પત્રકમાં સાચી વિગતો ભરવા માટે અત્યંત સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે.
- ઉમેદવાર(ઓ) દ્વારા તેમના ઓનલાઈન અરજી ફોર્મ અને OMR જવાબ પત્રકમાં આપવામાં આવેલી ખોટી માહિતીને કારણે ઉદ્ભવતી કોઈપણ પરિસ્થિતિ/વિસંગતતા માટે ગુજરાત SET કાર્યાલય જવાબદાર નથી. અરજી

ફોર્મ અને OMR આન્સરશીટમાં ઉમેદવારોની વિગતોમાં કોઈ વિસંગતતાના કિસ્સામાં, OMR જવાબ પત્રકમાં ભરેલ વિગતોને અંતિમ ગણવામાં આવશે. **માહિતીમાં ફેરફાર માટેની કોઈપણ વિનંતી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

- ઉમેદવાર એ બાબત ખાસ ધ્યાનમાં રાખે કે તેમની GSET પરીક્ષા માટે ઉમેદવારી કામચલાઉ ગણાશે. માત્ર એ હકીકત છે કે ગુજરાત SET કાર્યાલય દ્વારા તેમના ઓનલાઇન અરજી ફોર્મ અને પરીક્ષા ફી સ્વીકારવામાં આવે અને હોલ ટિકિટ જારી કરવામાં આવે તથા પરીક્ષા આપવા દેવામાં આવે એ એમ સૂચિત નથી કરતું કે તેમની ઉમેદવારી માન્ય કરવામાં આવી છે . જો કોઇ કારણસર, કોઇપણ સ્થાને અયોગ્ય કે વાંધાજનક બાબત(બિન ઇરાદાર્વક થયેલી કમ્પ્યુટર કે પ્રિન્ટરની ભુલ સહિત ) જણાશે તો ગુજરાત **SET** કાર્યાલય દ્વારા તે ઉમેદવારને અનુત્તિર્ણ ( not-qualified ) જાહેર કરી અને GSET પ્રમાણપત્ર રદ કરવામાં આવશે.
- ઉમેદવારોએ ખાતરી કરવી આવશ્યક છે કે તેમના ઓનલાઇન એપ્લિકેશન ફોર્મમાં નોંધાયેલ ઇ-મેઇલ તેમનું પોતાનું છે. ઉમેદવારોને GSET પરીક્ષા અંગે નવીનત્તમ અપડેટ્સ માટે નિયમિતપણે GSET વેબસાઇટ ની મુલાકાત લેવા અને તેમના ઇ-મેઇલ્સ તપાસવાની સલાહ આપવામાં આવે છે.
- જો ભવિષ્યમાં કોઈપણ સમયે જાણવા મળે કે ઉમેદવારે તેમના અરજી ફોર્મ / પ્રવેશ કાર્ડમાં અન્ય વ્યક્તિના ફોટોગ્રાફ અને / અથવા અન્યની સહીનો ઉપયોગ / અપલોડ કર્યો છે અથવા તેમના હોલ ટિકિટ / પરિણામમાં છેડછાડ કરી છે, તો ઉમેદવારના એ કૃત્યો તેમના તરફથી કરવમાં આવેલ ગેરવાજબી કાર્ય તરીકે માનવામાં આવશે અને તેમને માહિતી બુલેટિનની જોગવાઈઓ વિરુધ્ધ ગેરવાજબી રસમો કર્યા બદલ તેમની ઉમેદવારી રદ કરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.
- ગુજરાત **SET** કાર્યાલય કોઇપણ કારણ આપ્યા વિના પરીક્ષાનું કેન્દ્ર કે પરીક્ષાની તારીખમાં ફેરફાર કરી શકે છે.
- ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રની અંદર કોઈપણ સામાન લઈ જવાની મંજૂરી નથી. ગુજરાત SET કાર્યાલય પરીક્ષા કેન્દ્રમાંથી ચોરી થયેલી અથવા ખોવાયેલી કોઈપણ ચીજો માટે જવાબદાર રહેશે નહીં.
- ઉમેદવારોને ઇન્સ્ટ્રુમેન્ટ્સ, ભૂમિતિ અથવા પેંસિલ બોક્સ, હેન્ડબેગ, પર્સ, કોઈપણ પ્રકારની પેપર / સ્ટેશનરી / ટેક્સ્ચ્યુઅલ સામગ્રી (મુદ્રિત અથવા લેખિત સામગ્રી), ખાણીપીણી(છૂટક અથવા પેકેટ્સ), મોબાઇલ ફોન / સ્માર્ટ ફોન / સ્માર્ટ વોચ / ઇઅરફોન / માઇક્રોફોન / પેજર, કેલ્ક્યુલેટર, ડોક્યુપેન, માપપટ્ટી, લોગ કોષ્ટકો, કેમેરા, ટેપ રેકોર્ડર, કેલ્ક્યુલેટરની સુવિધાવાળી ઇલેક્ટ્રોનિક ઘડિયાળો, કોઈપણ ધાતુની વસ્તુ અથવા ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ / ઉપકરણો પરીક્ષાખંડમાં સાથે લઈ જવાની મંજૂરી નથી.
- પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડમાં જો કોઈ ઉમેદવાર પાસે આ પ્રકારની કોઈપણ વસ્તુ મળી આવશે તો વસ્તુઓ / સામગ્રી કબજે કરવામાં આવશે તથા તે ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે, પ્રશ્નપત્રો તથા OMR જવાબવહી જપ્ત કરવામાં આવશે તથા તેની ઉમેદવારી રદ ગણવામાં આવશે અને ભવિષ્યની પરીક્ષા માટે પણ પ્રતિબંધિત કરવામાં આવશે.
- **એક્ઝામિનેશન હોલ ટિકિટ વગર ઉમેદવારને પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહીં.**
- એક્ઝામિનેશન હોલ ટિકિટમાં દર્શાવેલ વિગતો જેમ કે આપનું નામ, વિષય, કેન્દ્ર અંગેની વિગતો વગેરે. બરાબર છપાયેલ છે કે કેમ તેની ઉમેદવારે ખાતરી કરી લેવી. જો કોઇ માહિતી અંગે ભુલ જોવા મળે તો તરત જ **Gujarat SET ને ઈમેઈલ: info@gujaratset.ac.in** દ્વારા લેખીત જાણ કરવી અને સુધારો કરાવી લેવો. ઉમેદવાર જો તેમ નહીં કરે તો અંગે કોઇપણ સુધારો કરવા તેમજ તેને કારણે ઉમેદવારને કોઇ લાભ/નુકશાન થાય તો તે માટે ગુજરાત SET કાર્યાલય જવાબદાર રહેશે નહીં.
- દરેક ઉમેદવારને તેમની એક્ઝામિનેશન હોલ ટિકિટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર / સ્થળ વિષે અગાઉથી બરાબર માહિતી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે. **ઉમેદવારની એક્ઝામિનેશન હોલ ટિકિટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર**

/ સ્થળ સિવાયના અન્ય કોઈપણ પરીક્ષા કેન્દ્ર / સ્થળ પર પરીક્ષા આપવા કોઈપણ ઉમેદવારને પરવાનગી આપવામાં આવશે નહીં.

- ઉમેદવારે પરીક્ષાના દિવસે પરીક્ષા ખંડમાં **એક્ઝામિનેશન હોલ ટિકિટ તથા એક વધારાનું ફોટો ઓળખપત્ર જેમ કે, ઉમેદવાર નું ડ્રાઇવીંગ લાયસન્સ, કોલેજ / યુનિવર્સિટી નું ઓળખપત્ર, ચૂંટણી કાર્ડ અથવા PAN કાર્ડ વગેરે.**પોતાની સાથે રાખવું. **ગુજરાત SET કાર્યાલયે એક્ઝામિનેશન હોલ ટિકિટ જારી ન કરેલ હોય તેવા કોઈપણ ઉમેદવારને પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.**
- નોંધ લેશો કે અરજીનું કન્ફર્મેશન મેળવવાની, હોલ ટિકીટ ડાઉનલોડ કરવાની અને બેઠક વ્યવસ્થા / પરીક્ષા સ્થળ વિષેની જાણકારી GSETની વેબસાઇટ પરથી નોંધી લેવાની જવાબદારી માત્ર ને માત્ર ઉમેદવારની પોતાની રહેશે. ગુજરાત SET કાર્યાલય ઉપરોક્ત કોઈપણ હેતુસર કોઈ ઈમેલ / SMS કોઈપણ ઉમેદવારને મોકલશે નહીં. ગુજરાત SET કાર્યાલય આ બાબતે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહી.
- GSETની પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પરીક્ષાના સંતોષકારક આયોજન અર્થે પરીક્ષા કેન્દ્ર / સ્થળના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ઉમેદવારોની સઘન ચકાસણી કરવામાં આવશે. દરેક ઉમેદવારે આ માટે પરીક્ષા શરૂ થવાની **૬૦ મિનિટ** પહેલાં પરીક્ષા કેન્દ્ર / સ્થળ પર હાજર થઈ જવું અને આ ચકાસણીમાં નિરીક્ષકો તથા અન્ય પરીક્ષાકર્મીઓને સહકાર આપવો. પરીક્ષા શરૂ થઈ ગયા બાદ કોઈપણ ઉમેદવારને પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. **કોઈપણ ઉમેદવારને કોઈપણ સંજોગોમાં ૧૨:૩૦ P.M. પહેલાં પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડમાંથી બહાર જવા દેવા કે પરીક્ષા કેન્દ્ર / પરીક્ષાખંડ છોડી જવા પરવાનગી આપવામાં આવશે નહીં.**
- પરીક્ષા ખંડ ખુલ્યા પછી ઉમેદવારોએ તરત જ પોતાનું સ્થાન પર બેસી જવું જોઈએ. જો ઉમેદવારો ટ્રાફિક જામ, ટ્રેન/બસમાં વિલંબ વગેરે કોઈપણ કારણોસર સમયસર હાજર ન થાય, તો તેઓ પરીક્ષા ખંડ/હોલમાં જાહેર કરવામાં આવનારી સામાન્ય સૂચનાઓ ચૂકી જવાની શક્યતા છે. કોઈપણ વિલંબ માટે ગુજરાત SET કાર્યાલય જવાબદાર રહેશે નહીં.
- દરેક ઉમેદવારે પરીક્ષાખંડમાં નિરીક્ષક દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે અને નિરીક્ષક કે પરીક્ષાની અન્ય કામગીરી કરી રહેલ પરીક્ષાકર્મી સાથે કોઈપણ પ્રકારની દલીલ કે તકરાર કરવી નહીં. સૂચનાઓનું પાલન ન કરનાર ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે અને તેમનું પરીણામ જાહેર કરવામાં આવશે નહીં.
- પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન ઉમેદવારે અન્ય ઉમેદવારો સાથે વાતચીત કરવી નહીં કે અન્ય કોઈપણ બાબત અંગે ચર્ચા કરવી નહીં. ઉમેદવારે પરીક્ષા દરમ્યાન પરીક્ષાખંડમાં સંપૂર્ણ શાંતિ જાળવી રાખવી તથા અન્ય ઉમેદવારોને હેરાનગતિ / કનડગત કરવી નહીં. આમ કરનાર ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે એમ ગણવામાં આવશે અને તેમનું પરીણામ જાહેર કરવામાં આવશે નહીં.
- તમામ વિષયોના જૂની પરીક્ષાના પ્રશ્નપત્રો અને જવાબો અમારી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- GSET પરીક્ષાનું પરિણામ તૈયાર કરતાં પહેલાં તમામ પ્રશ્નપત્રોની પ્રોવિજનલ આન્સર - કી GSET ની વેબસાઇટ: www.gujaratset.ac.in પર અપલોડ કરવામાં આવશે. GSETની પરીક્ષા આપેલ હોય એ ઉમેદવારો જ આન્સર - કી ડાઉનલોડ કરી શકશે.
- ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે પડકાર કરવાની તક આપવામાં આવશે જેના માટે તેમણે પ્રશ્ન દીઠ રૂ.૧૦૦૦/- પ્રોસેસિંગ ચાર્જ તરીકે ચૂકવવાનો રહેશે. ઉમેદવાર આન્સર - કી માટેનો પોતાનો અભિપ્રાય લેખિત સ્વરૂપે યોગ્ય પ્રમાણભૂત પુસ્તકો / સાહિત્ય તથા પ્રશ્ન દીઠ રૂ. ૧૦૦૦/- (પ્રતિ પ્રશ્ન)-ની ઓનલાઈન ગ્રીવાન્સ ફી ચુકવણી રસીદ સહિત, મેમ્બર સેક્રેટરી, ગુજરાત સ્ટેટ એલિજીબીલીટી ટેસ્ટ (GSET), ધ મહારાજા સયાજીરાવ

યુનિવર્સિટી ઓફ બરોડા, B - બ્લોક, "ચમેલી બાગ", યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ પાસે, પ્રા. સી. સી. મેહતા રોડ રોડ , પ્રતાપગંજ, વડોદરા - ૩૯૦ ૦૦૨ ને આન્સર - કી સામે વાંધા અરજી કરવાની નિયત સમય મર્યાદામાં મોકલાવી શકશે. વાંધા અરજીના એન્વેલોપ પર "Grievance Regarding Answer Key(s) of GSET Examination" મથાળું મારવું. ઉમેદવારોએ મોકલેલા અભિપ્રાયોને વિષય નિષ્ણાતોની સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે. **આન્સર - કી સામેના તમામ વાંધાઓના સ્વીકાર અંગે વિષય નિષ્ણાતો/ ગુજરાત SET કાર્યાલયનો નિર્ણય અંતિમ રહેશે અને તે મુજબ તૈયાર કરેલ અંતિમ આન્સર - કી ના આધારે GSET પરીક્ષાનું અંતિમ પરિણામ તૈયાર કરવામાં આવશે.** પ્રોસેસીંગ ચાર્જની ચુકવણી કર્યા વિના અથવા ઉચિતતા / પુરાવા વિના અને ઉપરોક્ત સૂચિત પ્રક્રિયા સિવાય અન્ય કોઈપણ માધ્યમ પર દાખલ કરાયેલ પડકારોનો જવાબ આપવામાં આવશે નહીં.

- **GSET પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ આન્સર - કી સામેનો કોઇપણ વાંધો કોઈપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**
- GSET પરીક્ષાનું પરીણામ જાહેર કર્યા પછી તુરંત તમામ ઉમેદવારોના GSETની પરીક્ષામાં મેળવેલ ગુણ GSET ની વેબસાઇટ: www.gujaratset.ac.in પર અપલોડ કરવામાં આવશે. આ સિવાય કોઇ પણ પાસ કે નાપાસ થનાર ઉમેદવાર ને કોઇપણ પ્રકારનું ગુણપત્રક આપવામાં આવશે નહીં.
- **ગુજરાત SET કાર્યાલય ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને માત્ર ઈ - પ્રમાણપત્ર એનાયત કરશે. કોઇપણ સફળ ઉમેદવારને પ્રમાણપત્રની છપાયેલ / હાર્ડ કૉપિ મોકલવામાં નહીં આવે.**
- GSET 2017 પછી, ગુજરાત SET પરીક્ષામાં ઉત્તીર્ણ ઉમેદવારની ઈ-પ્રમાણપત્રની અધિકૃતતા ચકાસવા માટે તેમના ઈ-સર્ટિફિકેટ પર QR- કોડ આપવામાં આવેલ છે. QR-કોડ સ્કેનિંગ આઉટપુટ સત્તાવાર માર્કશીટ નથી, તેથી તે માહિતીનો ઈ-પ્રમાણપત્રની અધિકૃતતા ચકાસવા સિવાય ઉપયોગ સખત રીતે પ્રતિબંધિત છે.
- ઉમેદવારોને પરીક્ષામાં હાજર રહેવા વિગેરે... માટે કોઇપણ મુસાફરી ભથ્થું આપવામાં આવશે નહીં.
- પરીક્ષાખંડમાં ધૂમ્રપાન, ગુટકા ચાવવું, થૂંકવું વગેરે પર પ્રતિબંધ છે.
- દરેક બાબતમાં નિર્ણય લેવાની આખરી સત્તા ગુજરાત SET કાર્યાલય ની રહેશે.
- આ પરીક્ષા સંદર્ભે કોઇપણ કાયદાકીય વાંધાઓ વડોદરા ન્યાયાલયની સીમામાં જ રહેશે.
- માહિતી પુસ્તિકામાં કોઈપણ પ્રિન્ટીંગ/ટાઈપિંગ ભૂલ માટે ગુજરાત SET કાર્યાલય જવાબદાર રહેશે નહીં. માહિતી પુસ્તિકા તૈયારી કરતી વખતે યોગ્ય કાળજી લેવામાં આવી છે. જો કે, કોઈપણ અજાણતા રહી ગયેલ ભૂલને નકારી શકાય નહીં. ગુજરાત SET કાર્યાલય પછીના તબક્કે માહિતી પુસ્તિકામાં રહેલ કોઈપણ ભૂલ સુધારવાનો અધિકાર અનામત રાખે છે.

# Important Rules/Information and Dates

| | |
|---|---|
| **Online Fee Collection (Step - I)** | **22 June 2026 to 21 July 2026** |
| **Online Registration (Step - II)** | **22 June 2026 to 22 July 2026** |
| **The payment of examination fee (step - I) and Online Registration (step - II) for GSET Examination is mandatory.** | |
| **Date of Examination** | **Sunday, 29 November 2026** |
| **Duration of Examination** | **3 Hour (09:30 A.M. to 12:30 P.M.)** |
| **Timing of Examination** | **Paper – I 1 Hour (09.30 am to 10.30 am)**<br>**Paper – II 2 Hour (10.30 am to 12.30 pm)** |
| **Website** | ***www.gujaratset.ac.in*** |

- On behalf of the Gujarat State, nodal agency The Maharaja Sayajirao University of Baroda, Vadodara, announces holding of the 20th Gujarat State Eligibility Test (GSET) on SUNDAY, 29 November 2026 for determining the Eligibility of Gujarat state's candidates for Assistant Professor in universities and colleges of Gujarat State in 36 subjects at 12 Centres spread across Gujarat state.
- ***Before Payment of Examination fee and filling up the online Application Form***, Candidate must read all the information and instructions of Information Bulletin carefully and must satisfy themselves regarding their eligibility for GSET Examination. Candidates not complying with the Instructions shall be summarily disqualified.
- The Reservation policy for GSET examination is as per the Government of Gujarat. Candidates must ensure that they have necessary certificates issued by the Gujarat state only, in support of their claims in the application for GSET. Category-wise Qualifying slots will be based on the prevalent reservation policy of the Gujarat State for admission in Higher Education.
- SEBC Candidates should ensure that NCL (Non-creamy layer) Certificate is latest and valid. Central Government OBC certificate is not acceptable from the candidates belonging to SEBC.
- General-EWS Candidates should ensure that the EWS Certificate is latest and valid.
- **The candidates of other States, i.e., other than Gujarat State, belonging to reserved category shall be treated as General category candidates. Only the candidates domicile of Gujarat state can avail reservation benefits. Therefore, other state-reserved category candidates must select General Category in their online application form. Failure to do this will be an offense. Since the result of SET is provisional, and by mistake if such candidates qualify under the reserved category, they will be treated as disqualified.**
- **CANDIDATES SHOULD NOTE THAT THE PRINTOUT OF ONLINE APPLICATION FORM, FEE RECEIPT OR ANY OTHER DOCUMENTS SHOULD NOT BE SENT TO GUJARAT SET OFFICE, VADODARA.**
- In case a Candidate qualifies for the GSET Examination, it is mandatory for him / her to preserve print out of Application Form and Examination Hall Ticket along with Photo (Xerox) Copies of Eligibility and Category related documents, Mark sheets, Certificates etc. for Certificate Verification to be done by University or Government / Affiliated / Private College of Gujarat State at the time of recruitment of GSET Qualified Candidate as Assistant Professor. Hence it is advised to a candidate to preserve all the above-mentioned documents.
- The Eligibility for Assistant Professor will only depend on the performance of the candidate in both the papers of GSET in aggregate. The candidates who qualify the Gujarat State Eligibility Test for eligibility for Assistant Professor will be governed by the rules and regulations for recruitment of Assistant Professor of the concerned Universities / Colleges / State Government of Gujarat, as the case may be.

- The result of the GSET to be held on 29 November 2025(SUNDAY) will be made available on the GSET websites: www.gujaratset.ac.in as and when it is declared. **The candidates will not be individually intimated about their result.**
- **A candidate who has already qualified GSET in a subject will not be allowed to appear again for GSET in the same subject. The candidates violating this rule being detected by Gujarat SET Office / UGC at any stage, their candidature and GSET certificate will be cancelled, and they shall be liable for legal action.**
- **The candidates who are studying in the first year of two years Master's Course or in first two semesters of a four-semester course of Master's Degree or studying in the fourth year of Five-year Integrated Masters Course, are not eligible to appear for this test.**
- **It is compulsory to pay the examination fee (Step-1) and register online for GSET Examination (Step-2) after payment of fee.** Applications submitted in any other format will not be accepted. Hard Copies of application form will not be accepted by Gujarat SET Office.
- Application Form must be complete in all respects as per the Information Bulletin. All incomplete Application Forms will be rejected. Information such as his/ her name, contact details / address, category, PwD status, educational qualification details, date of birth, choice of examination centre, etc provided by the candidate in the online Application Form will be treated as final. Any request for change in such particulars after the closure of registration period will not be considered by Gujarat SET Office. **No request for change of category or subject will be entertained, even after the result is declared.**
- Only one application is to be submitted by a candidate. More than one application i.e. **multiple Application Forms submitted by a candidate will not be accepted.**
- **No application can be submitted, and no fee will be accepted after last date in any circumstances.**
- Gujarat SET Office does not edit/modify/alter any information entered by the candidate under any circumstances. Therefore, candidates are advised to exercise utmost caution while filling up correct details in the Application Form and OMR Answer sheet.
- Gujarat SET Office disclaims any liability that may arise to a candidate(s) due to incorrect information provided by him/her in his/her online Application Form and OMR Answer sheet. In case of any discrepancy in details of candidates in Application Form and OMR Answer sheet, the details filled up in OMR Answer sheet will be taken as final. **Any request for change in information will not be entertained.**
- Candidates should note that their candidature is strictly provisional. The mere fact that Online Application Form and Examination Fee accepted, and Hall Ticket issued to a candidate and the candidate is allowed to appear in GSET Examination will not imply that Gujarat SET Office has accepted his / her candidature. In the event a candidate being found ineligible at any stage for the award due to any reason (including unintentional computer error or printer's devil etc.), he / she will be declared as not-qualified in GSET Examination and GSET certificate will be withdrawn.
- Candidate must ensure that his/her email address to be registered in their online Application Form is their own. Candidates are advised to visit the GSET Website and check their e-mails regularly for latest updates.
- In case it is found at any time in future that the Candidate has used / uploaded the photograph and /or signature of someone else in his/ her Application Form / Admit Card or he/she has tampered his/her Hall Ticket / result, these acts of the candidate shall be treated as Unfair Means Practices on his/her part and he/she shall be proceeded with the actions as contemplated under the provisions of the Information Bulletin relating to Unfair Means Practices.
- Gujarat SET Office may change the centre(s) or date of examination without assigning any reason.
- Candidates are not allowed to carry any baggage inside the Examination Centre. Gujarat SET Office will not be responsible for any belongings stolen or lost at the premises.

- Candidates are NOT allowed to carry Instruments, Geometry or Pencil box, Handbag, Purse, any kind of Paper/ Stationery/ Textual material (printed or written material), Eatables (loose or packed),Mobile Phone/Smart Phone/ Smart Watch/ Earphone/ Microphone/ Pager, Calculator, DocuPen, Slide Rules, Log Tables, Camera, Tape Recorder, Electronic Watches with facilities of calculator, any metallic item or electronic gadgets/ devices in the Examination Hall/Room.
- If any candidate is in possession of any of the above item, his/ her candidature will be treated as unfair means and the question papers and OMR Answer sheet will be seized and lead to cancellation of the current Examination & also debar the candidate for future examination(s).
- **No candidate is allowed in the Examination Hall without the Examination Hall Ticket.**
- Please confirm that your name, subject, Centre etc. shown in the Examination Hall Ticket are correct. **If there is any error in the Examination Hall Ticket, please contact Gujarat SET office by E-mail: info@gujaratset.ac.in immediately** and submit written application for correction otherwise Gujarat SET Office will not be responsible for making necessary corrections and providing benefits or for loss arising out of these to the candidates.
- The candidates are requested to ascertain their venue of GSET Examination mentioned in the examination hall ticket and appear in the examination only at designated examination centre / venue. **No candidate will be allowed to appear at the examination centre / venue other than that in the examination hall ticket.**
- Candidate must carry Printout of Online **Examination Hall Ticket and also one additional photo identity** such as a driving license, voter ID, college/university identity card, PAN card etc. to the examination centre on the Day of the Examination. **No candidate will be allowed to appear in the examination whose hall ticket is not issued by Gujarat SET Office.**
- It may be pointed out that getting application confirmation, downloading Examination Hall Ticket and noting of seating arrangement/venue of GSET Examination from the GSET website shall be the sole responsibility of candidate only. Gujarat SET Office will not send any E-Mail or SMS in any of above regards. Gujarat SET Office will not be held responsible in this regard.
- To ensure fair conduct of examination frisking of the candidates will be done properly at main entry gate of the exam centre. The candidates should report at the examination centre **60 minutes** prior to commencement of examination and cooperate with the invigilators in frisking. No candidate will be allowed to the examination centre / hall after commencement of examination. **No candidate will be allowed to leave the examination hall / room before 12:30 P.M.**
- Candidates should take their seat immediately after opening of the Examination Hall. If the candidates do not report in time due to any reason i.e. traffic jam, train/bus delay etc, they are likely to miss some of the general instructions to be announced in the Examination Rooms/Halls. Gujarat SET Office shall not be responsible for any delay.
- The candidates have to follow the instructions given by the invigilators in the examination hall / room and should not argue with the invigilators or other staff involved in the examination duty at the examination centre. The candidates, who will not follow the instructions, will be treated under unfair means and his / her result will not be declared.
- In the examination hall / room, the candidates will neither talk to each other nor discuss any matter during the examination. The candidates should not disturb the candidates in the examination room and maintain complete silence during the examination. The candidate violating these instructions will be treated under unfair means and his / her result will not be declared.
- All old examination's Questions Papers and Answer Keys for all the subjects are available in our website.
- Gujarat SET Office will display Provisional Answer Key of the questions on the GSET website www.gujaratset.ac.in to provide an opportunity to the candidates to challenge the Provisional Answer Key. Candidate(s) appeared in GSET Examination can download the Answer key(s).
- The Candidates will be given an opportunity to make a challenge against the Provisional Answer Key on payment of Rs. 1000/- per question challenged as processing charges. Candidates may challenge the answer key(s) by sending a written request to the Member Secretary, Gujarat State

Eligibility Test, The Maharaja Sayajirao University of Baroda, B - Block, Chameli Baug, Nr. University Guest House, Prof. C. C. Mehta Road, Vadodara - 390 002 supporting his / her stand with standard books / literature along with the Online Grievance Fee Payment Receipt of Rs. 1,000/- per question, within stipulated time period given for the same. The envelope should be marked ***"Grievance Regarding Answer Key(s) of GSET Examination".*** The request(s) so received will be placed before the subject Expert Committee(s). **Subject Experts' /Gujarat SET Office's decision on the challenges shall be final and the result will be declared on the basis of final answer keys.** Answer Key Challenges without payment of Processing Charges or without justification/ evidence and those filed on any other medium other than the above prescribed procedure will not be considered.

- **No Grievances with regards to answer key(s) after declaration of result of GSET will be entertained.**
- The marks of all the candidates will be placed on GSET website: www.gujaratset.ac.in soon after the declaration of the result. Besides this, Gujarat SET Office will not issue any mark sheet to any qualified / not-qualified candidate.
- The Gujarat SET Office will issue Only E-certificates to the qualifying candidates only. Printed / Hard Copy of Certificate will not be issued / sent to any Successful Candidate.
- GSET 2017 onwards, a QR-code is provided on the e-certificate of the candidate who cleared the Gujarat SET exam to verify the authenticity of the e-certificate. The QR-code scanning output is not an official marksheet, hence the use of that information is strictly prohibited except for verifying the authenticity of the e-certificate.
- No TRAVEL ALLOWANCE will be paid to the candidates on account of appearing in the examination etc.
- Smoking, chewing gutka, spitting etc. in the Examination Room/Hall is strictly prohibited.
- The decision of Gujarat SET Office shall be final in all matters.
- All legal disputes pertaining to this GSET Examination shall fall within the jurisdiction of Vadodara Courts only.
- The Gujarat SET Office shall not be responsible for any printing error in the publication. While preparing this due care has been taken. However, any inadvertent error cannot be ruled out. Gujarat SET Office reserves the right to rectify any error at a later stage.

# GSET અને અનુસ્નાતક વિષય

| વિષય કોડ | વિષય | પ્રશ્નપત્ર નું માધ્યમ | અનુસ્નાતક કોર્સ |
|---|---|---|---|
| ૦૧ | મેથેમેટીકલ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc./M.A./M.Tech.(Science) Or Equivalent Degree |
| ૦૨ | ફીજીકલ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc.Or Equivalent Degree |
| ૦૩ | કેમીકલ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc. Or Equivalent Degree |
| ૦૪ | લાઇફ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc./M.Tech (Science) Or Equivalent Degree |
| ૦૫ | હિન્દી | હિન્દી | M.A. Or Equivalent Degree |
| ૦૬ | ગુજરાતી | ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૦૭ | સંસ્કૃત | સંસ્કૃત | M.A. Or Equivalent Degree |
| ૦૮ | ઇતિહાસ | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૦૯ | સમાજશાસ્ત્ર | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૧૦ | અર્થશાસ્ત્ર | અંગ્રેજી અને ગુજરાતી | M.A. or Equivalent Degree |
| ૧૧ | રાજનીતિ શાસ્ત્ર | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૧૨ | અંગ્રેજી | અંગ્રેજી | M.A. Or Equivalent Degree |
| ૧૩ | શિક્ષણ | અંગ્રેજી અને ગુજરાતી | M. Ed. Or Equivalent Degree |
| ૧૪ | મનોવિજ્ઞાન | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૧૫ | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન | અંગ્રેજી અને ગુજરાતી | M. Lib./ M. Lis. Or Equivalent Degree |
| ૧૬ | કાયદો | અંગ્રેજી અને ગુજરાતી | LL. M. Or Equivalent Degree |
| ૧૭ | વાણિજ્ય | અંગ્રેજી અને ગુજરાતી | M. Com. Or CA/CS/ICWA Or Equivalent Degree |
| ૧૮ | મેનેજમેન્ટ | અંગ્રેજી | M. B. A. Or Equivalent Degree |
| ૧૯ | કમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લિકેશન્સ | અંગ્રેજી | M.C.A / M.C.S or Equivalent Degree |
| ૨૦ | અર્થ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc. Or Equivalent Degree |
| ૨૧ | શારીરિક શિક્ષણ | અંગ્રેજી અને ગુજરાતી | M. P. Ed. or Equivalent Degree |
| ૨૨ | દર્શનશાસ્ત્ર/તત્વજ્ઞાન | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૨૩ | ગૃહ વિજ્ઞાન | અંગ્રેજી અને ગુજરાતી | M.Sc. / M.A. Or Equivalent Degree |
| ૨૪ | ભૂગોળશાસ્ત્ર | અંગ્રેજી અને ગુજરાતી | M.Sc./ M.A. Or Equivalent Degree |
| ૨૫ | સમાજકાર્ય | અંગ્રેજી અને ગુજરાતી | M.S.W/ M.A. Or Equivalent Degree |
| ૨૬ | એન્વાયરમેન્ટલ સાયન્સીસ | અંગ્રેજી | M.Sc./M.Tech Or Equivalent Degree |
| ૨૭ | ફોરેન્સિક સાયન્સ | અંગ્રેજી | M.Sc. Or Equivalent Degree |
| ૨૮ | હિન્દુ અધ્યયન | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૨૯ | ભારતીય જ્ઞાન પ્રણાલી | અંગ્રેજી | M.A./M.IKS Or Equivalent Degree |
| ૩૦ | સંગીત | અંગ્રેજી અને ગુજરાતી | M.A. / M.Perf. Art Or Equivalent Degree |
| ૩૧ | પરફોર્મિંગ આર્ટ - નૃત્ય/નાટક/થિયેટર | અંગ્રેજી અને ગુજરાતી | M.A. / M.Perf. Art Or Equivalent Degree |

| વિષય કોડ | વિષય | પ્રશ્નપત્ર નું માધ્યમ | અનુસ્નાતક કોર્સ |
|---|---|---|---|
| ૩૨ | પબ્લિક એડમિનિસ્ટ્રેશન | અંગ્રેજી | M.A. / M.P.A Or Equivalent Degree |
| ૩૩ | વિઝ્યુલ આર્ટ | અંગ્રેજી | M.F.A./ M.V.A. Or Equivalent Degree |
| ૩૪ | ભારતીય સંસ્કૃતિ | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૩૫ | યોગા | અંગ્રેજી અને ગુજરાતી | M.A. Or Equivalent Degree |
| ૩૬ | આંકડાશાસ્ત્ર | અંગ્રેજી | M.Sc./M.A./M.Tech.(Science) Or Equivalent Degree |

# GSET & Post Graduation Subject

| Subject Code | Subject Name | Medium of Question Paper | P. G. Course |
|---|---|---|---|
| 01 | Mathematical Sciences | English | M.Sc./M.A./M.Tech.(Science) Or Equivalent Degree |
| 02 | Physical Sciences | English | M.Sc. Or Equivalent Degree |
| 03 | Chemical Sciences | English | M.Sc. Or Equivalent Degree |
| 04 | Life Sciences | English | M.Sc./M.Tech (Science) Or Equivalent Degree |
| 05 | Hindi | Hindi | M.A. Or Equivalent Degree |
| 06 | Gujarati | Gujarati | M.A. Or Equivalent Degree |
| 07 | Sanskrit | Sanskrit | M.A. Or Equivalent Degree |
| 08 | History | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 09 | Sociology | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 10 | Economics | English & Gujarati | M.A. or Equivalent Degree |
| 11 | Political Science | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 12 | English | English | M.A. Or Equivalent Degree |
| 13 | Education | English & Gujarati | M. Ed. Or Equivalent Degree |
| 14 | Psychology | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 15 | Library and Information Science | English & Gujarati | M. Lib./ M. Lis. Or Equivalent Degree |
| 16 | Law | English & Gujarati | LL. M. Or Equivalent Degree |
| 17 | Commerce | English & Gujarati | M. Com. Or CA/CS/ICWA Or Equivalent Degree |
| 18 | Management | English | M. B. A. Or Equivalent Degree |
| 19 | Computer Science and Applications | English | M.C.A / M.C.S or Equivalent Degree |
| 20 | Earth Sciences | English | M.Sc. Or Equivalent Degree |
| 21 | Physical Education | English & Gujarati | M. P. Ed. or Equivalent Degree |
| 22 | Philosophy | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 23 | Home Science | English & Gujarati | M.Sc. / M.A. Or Equivalent Degree |
| 24 | Geography | English & Gujarati | M.Sc./ M.A. Or Equivalent Degree |
| 25 | Social Work | English & Gujarati | M.S.W/ M.A. Or Equivalent Degree |
| 26 | Environmental Sciences | English | M.Sc./M.Tech Or Equivalent Degree |
| 27 | Forensic Science | English | M.Sc. Or Equivalent Degree |
| 28 | Hindu Studies | English & Gujarati | M.A. Or Equivalent Degree |

**Disclaimer: In case of any discrepancy in Gujarati version, English version should be taken as final.**

અસ્વીકરણ: ગુજરાતી વર્ઝનમાં કોઈ વિસંગતતા જણાય તેવા સંજોગોમાં અંગ્રેજી વર્ઝન અંતિમ અને માન્ય રાખવામા આવશે.

| Subject Code | Subject Name | Medium of Question Paper | P. G. Course |
|---|---|---|---|
| 29 | Indian Knowledge System | English | M.A./M.IKS Or Equivalent Degree |
| 30 | Music | English & Gujarati | M.A. / M.Perf. Art Or Equivalent Degree |
| 31 | Performing Art - Dance/Drama/Theatre | English & Gujarati | M.A. / M.Perf. Art Or Equivalent Degree |
| 32 | Public Administration | English | M.A. / M.P.A Or Equivalent Degree |
| 33 | Visual Art | English | M.F.A./ M.V.A. Or Equivalent Degree |
| 34 | Indian Culture | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 35 | Yoga | English & Gujarati | M.A. Or Equivalent Degree |
| 36 | Statistics | English | M.Sc./M.A./M.Tech.(Science) Or Equivalent Degree |

## પરીક્ષા કેન્દ્રો - Examination Centres

| કેન્દ્ર કોડ | કેન્દ્ર નું નામ | Centre Code | Centre Name |
|---|---|---|---|
| ૧ | વડોદરા | 01 | Vadodara |
| ૨ | અમદાવાદ | 02 | Ahmedabad |
| ૩ | રાજકોટ | 03 | Rajkot |
| ૪ | સુરત | 04 | Surat |
| ૫ | પાટણ | 05 | Patan |
| ૬ | ભાવનગર | 06 | Bhavnagar |
| ૭ | વલ્લભ વિદ્યાનગર | 07 | Vallabh Vidyanagar |
| ૮ | ગોધરા | 08 | Godhra |
| ૯ | જુનાગઢ | 09 | Junagadh |
| ૧૦ | વલસાડ | 10 | Valsad |
| ૧૧ | ભુજ | 11 | Bhuj |
| ૧૨ | હિંમતનગર | 12 | Himmatnagar |

# પરીક્ષા ફી

| | | |
|---|---|---|
| **રૂ. ૯૦૦/- + બેંક ચાર્જ** | **-** | **General / General-EWS / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC નોન ક્રિમીલેયર ) ઉમેદવારો માટે** |
| **રૂ. ૭૦૦/- + બેંક ચાર્જ** | **-** | **SC / ST / થર્ડ જેન્ડર ઉમેદવારો માટે** |
| **રૂ. ૧૦૦/- + બેંક ચાર્જ** | **-** | દિવ્યાંગ **(PwD)** ઉમેદવારો માટે |

**ફી જમા કરાવવાની પદ્ધતિ**

- ઉમેદવારે ફી ભરવા (પગલું ૧) માટે GSET ની વેબસાઈટ : www.gujaratset.ac.in ની મુલાકાત લેવી. પરીક્ષા ફી તથા લાગુ પડતી પ્રોસેસિંગ ફી અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ની ચુકવણી, નેટ બેન્કિંગ / ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ દ્વારા માત્ર ઓનલાઈન જ કરી શકાશે.
- ફી ચુકવણી માટે સ્ક્રીન પર આવતી સૂચનાઓને અનુસરો અને આવશ્યક પરીક્ષા ફી ની સફળતાપુર્વક ચુકવણી બાદ ફી ભાર્યાની પાવતીની પ્રિન્ટ લઇ લો.
- GSET પરીક્ષા માટે ઓન લાઇન રજીસ્ટ્રેશન (પગલું – ૨) કરવા, ફી ભાર્યાની પાવતીમાં આપેલ **Order Number પેમેન્ટ રેફ્રન્સ ID (Easepay ID)** નોંધી લો અને સાચવીને રાખો.
- ઉમેદવારે ફી ભાર્યાની પાવતી ભવિષ્યના ઉપયોગ માટે પોતાની પાસે ફરજિયાત રાખવી.
- ઉમેદવારે ખાસ ધ્યાનમાં રાખવાનું કે ડીમાન્ડ ડ્રાફ્ટ , મનીઓર્ડર, પે ઓર્ડર, ચેક કે કે ઇંડીયન પોસ્ટલ ઓર્ડર (IPO) દ્વારા ભરેલી ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી તથા લાગુ પડતી પ્રોસેસિંગ ફી વિગેરે.. એકવાર ભરાઇ ગયા પછી કોઇપણ સંજોગોમાં પરત મળશે નહીં.

# Fee

**Rs. 900/- + Bank Charges - General / General-EWS / SEBC (Non-creamy layer) Candidates.**

**Rs. 700/- + Bank Charges - SC/ST/Third gender Candidates.**

**Rs. 100/- + Bank Charges - Persons with Disabilities (PwD) Candidates.**

**MODE OF PAYMENT**

- Candidate has to visit GSET website: www.gujaratset.ac.in for fee payment (Step – I). Examination fee and Processing charges & Goods and Services Tax (GST), as applicable, can be paid only through online mode by Credit Card / Debit Card / Net Banking.
- Follow on screen instructions for payment of requisite fee and print examination fee receipt generated after successful transaction.
- Candidates should note down and preserve **Order Number and Payment Reference ID (Easepay ID)** for online registration of their application form (Step-II).
- It is mandatory for the candidate to keep and preserve Fee payment transaction receipt with him/her for future reference.
- Please note that fee submitted by any other mode like money order, demand draft, IPO etc. will not be accepted.
- Fee, Processing Charge etc. once paid will not be refunded under any circumstances.

# પાત્રતા / લાયકાતનાં માપદંડ

- જે ઉમેદવારોએ UGC માન્ય અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ હોય અથવા અંતિમ વર્ષ નો અભ્યાસ ચાલુ હોય તેવા ઉમેદવારો જ GSET ની પરીક્ષા આપી શકશે.
- અધ્યાપક સહાયકની લાયકાત માટે **GSET** માં અરજી કરવા માટે કોઇ વય મર્યાદા નિયત કરવામાં આવેલ નથી.
- **જો ઉમેદવાર ભારતીય યુનિવર્સિટી / સંસ્થામાથી અનુસ્નાતક વર્ગનું ડિપ્લોમા / પ્રમાણપત્ર ધરાવતા હોય અથવા વિદેશની યુનિવર્સિટી / સંસ્થામાથી અનુસ્નાતક વર્ગનું ડિગ્રી / ડિપ્લોમા / પ્રમાણપત્ર ધરાવતા હોય, તો ઉમેદવાર પોતાની ડિગ્રી / ડિપ્લોમા / પ્રમાણપત્રનું, અસોશિએશન ઓફ ઇંડિયન યુનિવર્સિટીસ (AIU), New Delhi. (www.aiu.ac.in) પાસેથી, માન્ય ભારતીય યુનિવર્સિટીની અનુસ્નાતક ડિગ્રી સાથેની સમકક્ષતાનું પ્રમાણપત્ર મેળવી લે તે તેમના જ પોતાના હિતમાં છે.**
- જનરલ/બિન-આરક્ષિત/જનરલ-EWS કેટેગરીના જે ઉમેદવારોએ ૫૫% (સરેરાશ/કૃપા ગુણ ને ગણતરીમાં લીધા સિવાય – without rounding off) સાથે યુનિવર્સિટી અનુદાન આયોગ (UGC)દ્વારા માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થા (વેબસાઇટ :https://www.ugc.ac.in) માંથી **વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં, માનવ – વિદ્યાઓ(ભાષાઓ સહિત) સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં, તથા કમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લિકેશન્સ વગેરે .. વિદ્યાશાખામાં** અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હોય તેવા ઉમેદવારો GSET ની પરીક્ષા આપી શકશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) નોન ક્રિમીલેયર / અનુસૂચિત જાતિ (SC)) / અનુસૂચિત જનજાતિ (ST) / દિવ્યાંગ (PwD) / થર્ડ જેન્ડર ઉમેદવારે ૫૦%(સરેરાશ/કૃપા ગુણ ને ગણતરીમાં લીધા સિવાય - without rounding off) સાથે અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હોય તે ઉમેદવાર GSET ની પરીક્ષા આપી શકશે.
- જે ઉમેદવારો એ અનુસ્નાતક વર્ગની અંતિમ વર્ષની પરીક્ષા આપી હોય અથવા આપવાની હોય અને જેનું પરિણામ જાહેર ન થયું હોય કે તેમાં વિલંબ થયો હોય તેવા ઉમેદવારો પણ GSET ની પરીક્ષા આપવા માટે ફોર્મ ભરી શકે છે. જો કે આવા ઉમેદવારોને કામચલાઉ ધોરણે જ GSET ની પરીક્ષા આપવા પ્રવેશ આપવામાં આવશે. જો આવા ઉમેદવારો GSETની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેવા સંજોગોમાં, જો તેઓ તેમના અનુસ્નાતક વર્ગની પરીક્ષામાં ૫૫ % (જનરલ/બિન-આરક્ષિત/જનરલ-EWS) તથા ૫૦% (SEBC - non creamy layer/SC/ST/PwD/ થર્ડ જેન્ડર) સાથે ઉત્તિર્ણ થાય તો જ તેમને અધ્યાપક સહાયકની ઉમેદવારી માટે યોગ્ય ગણાશે. આવા ઉમેદવારોને GSET ની પરીક્ષાનું પરીણામ જાહેર થયાના બે વર્ષમાં તેમની અનુસ્નાતક વર્ગ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે અને જો તેમ ન થાય તો ઉમેદવાર ને GSET ની પરીક્ષા માટે નાપાસ ગણવામાં આવશે.
- થર્ડ જેન્ડરના ઉમેદવારો, GSET માટે ફી, ઉંમર, પાત્રતા અને ક્વાલિફાઇંગ ક્રાઇટેરિયા માં SC/ST/PwD કેટેગરી ના ઉમેદવારોના ધોરણે છુટછાટ માટે પાત્ર રહેશે. આ કેટેગરી માટે વિષયવાર કટ-ઓફ્સ, SEBC(non-creamy layer)/SC/ST/PwD માટેના વિષયવાર કટ-ઓફસમાં સૌથી ઓછા રહેશે.
- **જે ઉમેદવાર પહેલાથી જ કોઈ વિષયમાં GSET લાયકાત ધરાવે છે તેને તે જ વિષયમાં GSET માટે ફરીથી બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ગુજરાત SET કાર્યાલય / UGCને આ નિયમનો ભંગ જણાશે તેવા સંજોગોમાં ઉમેદવારની ઉમેદવારી તથા GSET પ્રમાણપત્ર રદ કરવામાં આવશે અને તેમની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.**
- **જે ઉમેદવારો બે વર્ષના માસ્ટર ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષમાં અથવા ચાર સેમેસ્ટરના માસ્ટર ડિગ્રી કોર્સના પ્રથમ બે સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહ્યા છે અથવા પાંચ વર્ષના ઇન્ટિગ્રેટેડ માસ્ટર્સ કોર્સના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે, તેઓ આ પરીક્ષામાં બેસવા માટે પાત્ર નથી.**
- એવા Ph.D. degree ધારક ઉમેદવારો કે જેમણે અનુસ્નાતકની પરીક્ષા ૧૯મીએ સપ્ટેમ્બર ૧૯૯૧(પરિણામ જાહેર થયાની તારીખ ધ્યાનમાં લીધા સિવાય) સુધીમાં પૂર્ણ થઈ હોય એવા ઉમેદવાર ને GSET ની પરીક્ષા આપવા માટેની લઘુત્તમ લાયકાત માટે ના કુલ ગુણમાં ૫% (એટલે કે ૫૫% થી ૫૦%) ની રાહત આપવામાં આવશે.

- GSET ની પરીક્ષાની લાયકાત માટે ઉમેદવાર પાસે GSET પરીક્ષામાં લેવાતા વિષયની UGC માન્ય અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ હોવી જોઇએ. **ઉમેદવારો તેમના અનુસ્નાતક વર્ગના વિષય માટે જ GSET ની પરીક્ષા આપી શકશે.** ઉમેદવારના વિષયનો સમાવેશ GSET ની પરીક્ષાના વિષયોની યાદી માં ન હોય તેવા સંજોગોમાં ઉમેદવાર દર વર્ષે બે વાર લેવાતી UGC NET અથવા UGC – CSIR NET ની પરીક્ષા આપી શકે છે.

# Condition of Eligibility

- Only those candidates are eligible to appear in the GSET who have completed / are studying in the final year of a UGC specified Master's degree in a subject of GSET.
- There is no upper age limit applying in GSET for eligibility of Assistant Professor.
- **The candidates having Post Graduate diploma/certificate awarded by Indian University/Institute or Foreign degree/diploma/certificate awarded by the Foreign University/Institute should in their own interest, ascertain the equivalence of their diploma/degree/certificate, with Master's degree of recognized Indian Universities from the Association of Indian Universities (AIU), New Delhi (www.aiu.ac.in).**
- General/Unreserved/General-EWS candidates who have secured **at least 55% marks** (without rounding off) in Master's Degree **or** equivalent examination from universities/institutions recognized by UGC (available on the website: **www.ugc.ac.in**) in **Sciences, Humanities (including languages) and Social Science, Computer Science & Applications etc…** are eligible for GSET Examination. The Socially and Educationally Backward Class (SEBC) belonging to Non-Creamy Layer / Scheduled Caste (SC) / Scheduled Tribe (ST) / Persons with Disabilities (PwD) / Third gender category candidates who have secured at least 50% marks (without rounding off) in Master's degree or equivalent examination are eligible for GSET Examination.
- Candidates who are pursuing their Master's degree or equivalent course or Candidates who have appeared for their qualifying Master's degree (final year) examination and whose result is still awaited **OR** candidates whose qualifying examinations have been delayed may also apply for GSET Examination. However, such candidates will be admitted provisionally and shall be considered eligible for eligibility of Assistant Professor only after **they have passed their Master's Degree or equivalent examination with at least 55% marks (50% marks in case of Socially and Educationally Backward Class (SEBC) belonging to non-creamy layer / SC / ST /PwD / Third gender category candidates).** Such candidates must complete their Master's degree examination within two years from the date of declaration of result of GSET Examination with required percentage of marks, failing which they will be treated as disqualified.
- Candidates belonging to **Third gender** category would be eligible to draw the same relaxation in fee, age and qualifying criteria for GSET as are available to SC/ST categories. The subject wise cut-offs for this category should be the lowest among those for SC/ST/SEBC–NCL categories in the corresponding subject.
- **A candidate who has already qualified GSET in a subject will not be allowed to appear again for GSET in the same subject. The candidates violating this rule being detected by Gujarat SET Office / UGC at any stage, their candidature and GSET certificate will be cancelled, and they shall be liable for legal action.**
- **The candidates who are studying in the first year of two years Master's Course or in first two semesters of a four-semester course of Master's Degree or studying in the fourth year of Five-year Integrated Masters Course, are not eligible to appear for this test.**
- The Ph.D. degree holders whose Master's level examination had been completed by 19th September, 1991 (irrespective of date of declaration of result) shall be eligible for a relaxation of 5% in aggregate marks (i.e., from 55% to 50%) for appearing in the GSET Examination.
- The candidates must have Master's Degree recognized by U.G.C., in a subject of GSET. **Candidates are required to appear for GSET in the subject of their Post Graduation only.** In case the subject of a candidate is not included in the list of GSET subjects, the candidates may appear in UGC NET / UGC – CSIR NET which is held twice a year.

# પરીક્ષા પદ્ધતિ

- GSET પરીક્ષામાં કુલ બે પેપર લેવામાં આવશે. બન્ને પેપરમાં માત્ર બહુવૈકલ્પિક પ્રશ્નો નો જ સમાવેશ કરવામાં આવશે અને પરીક્ષા દર્શાવ્યા મુજબ લેવામાં આવશે.

| પેપર | ગુણ | પ્રશ્નો ની સંખ્યા | પરીક્ષા સમયગાળો | પરીક્ષા સમય |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ | ૫૦ ફરજિયાત બહુવૈકલ્પિક પ્રશ્નો (**MCQ**) | ૩ કલાક (સવારે ૦૯.૩૦ થી બપોરે ૧૨.૩૦ સુધી) | ૧ કલાક (સવારે ૦૯.૩૦ થી સવારે ૧૦.૩૦) |
| ૨ | ૨૦૦ | ૧૦૦ ફરજિયાત બહુવૈકલ્પિક પ્રશ્નો (**MCQ**) | | ૨ કલાક (સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૩૦) |

- પેપર - ૧ માં ૫૦ ફરજિયાત બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQ) પૂછાશે. દરેક પ્રશ્ન ૨ ગુણનો રહેશે. પેપર - ૧ સામાન્ય સ્વરૂપનું હોય છે જેનો મુખ્ય હેતુ ઉમેદવારના શિક્ષણ અને સંશોધન કૌશલ્યનું મૂલ્યાંકન કરવાનો છે. પેપર – ૧નો હેતુ ખાસ કરીને ઉમેદવારની તર્કશક્તિ, આકલન શક્તિ, સૂચના તથા જ્ઞાનના સ્રોતોની સામાન્ય જાણકારી અને વિશિષ્ટ વિચારશક્તિનું મૂલ્યાંકન કરવાનો છે.
- પેપર - ૨ માં ઉમેદવારે પસંદ કરેલ વિષય પર આધારિત ૧૦૦ ફરજિયાત બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQ) પૂછાશે. દરેક પ્રશ્ન ૨ ગુણનો રહેશે.
- બન્ને પેપર ના પ્રશ્નો(ભાષા અને વિજ્ઞાન ના વિષયો સિવાય ના) ગુજરાતી અને અંગ્રેજી એમ બંનેમાં હશે. ભાષાના વિષયના પ્રશ્નો જે તે ભાષા તથા વિજ્ઞાનના વિષયના પ્રશ્નો અંગ્રેજીમાં હશે. પરીક્ષામાં પેપર-૧ અને ૨ માં કોઈ પ્રશ્નના ગુજરાતી અને અંગ્રેજી સંસ્કરણમાં કોઈપણ વિસંગતતાના કિસ્સામાં અથવા અનુવાદ/રચનામાં અસ્પષ્ટતાના કિસ્સામાં, અંગ્રેજી સંસ્કરણને અંતિમ માનવામાં આવશે અને આ સંદર્ભમાં ગુજરાત **SET** કાર્યાલયનો નિર્ણય અંતિમ ગણાશે.
- ઉમેદવારોએ પેપર - ૧ અને પેપર - ૨ ના પ્રશ્નોના ઉત્તર તેમને અલગથી આપવામાં આવેલ Optical Mark Reader(OMR) sheet જવાબ પત્રકમાં જ ભરવાના રહેશે.
- ખોટા જવાબ માટે નકારાત્મક ગુણમૂલ્યાંકન પદ્ધતિ અમલ માં નથી.
- ઉમેદવાર બન્ને પેપરની પરીક્ષા આપે તે ફરજિયાત છે. કોઇ ઉમેદવાર પેપર -૧ ની પરીક્ષા ન આપે તો તે પેપર - ૨ ની પરીક્ષા આપી શકે નહીં.
- ઉમેદવારે પેપર - ૧ અને પેપર - ૨ ની ઓરીજીનલ OMR જવાબવહી પરીક્ષાખંડ છોડતાં પહેલાં નિરીક્ષકને પરત કરી દેવી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પેપર - ૧ અને પેપર - ૨ ની પ્રશ્ન પુસ્તિકાઓ તથા OMR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
- GSET પરીક્ષામાં પુન: મુલ્યાંકન / પુન: ચકાસણી કરવામાં આવતી નથી. આ સંદર્ભમાં કોઈપણ રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં.

# Scheme of Examination

- GSET Examination will consist of two papers. Both the papers will consist of objective type, multiple choice questions. and will be held as under:

| Paper | Marks | Number of Question | Duration | Time |
|---|---|---|---|---|
| I | 100 | 50 questions all are compulsory | 3 Hour (09.30 am to 12.30 pm) | 1 Hour (09.30 am to 10.30 am) |
| II | 200 | 100 questions all are compulsory | | 2 Hour (10.30 am to 12.30 pm) |

- **Paper- I** shall consist of 50 objective type compulsory questions each carrying 2 marks. The questions which will be of general nature, intended to assess the teaching/research aptitude of the candidate. It will primarily be designed to test reasoning ability, comprehension, divergent thinking and general awareness of the candidate.
- **Paper-II** shall consist of 100 objective type compulsory questions each carrying 2 marks which will be based on the subject selected by the candidate.
- The questions in both the papers will appear in both Gujarati and English versions (except for languages and science subjects). Questions of Language subject will be in respective language and Science subjects will be in English. **In case of any discrepancy in Gujarati and English version of questions or ambiguity in translation/construction of a question in the exam in Paper- I and II, the English Version should be taken as final and the decision of Gujarat SET office shall be final in this regard.**
- The candidate will have to mark the responses for questions of Paper – I and Paper – II on the Optical Mark Reader (OMR) Sheet provided.
- There are no negative marks for incorrect answers.
- It is compulsory for Candidate to appear in both the papers. A candidate who does not appear in Paper-I, will not be permitted to appear in Paper-II.
- The candidate shall have to return the original OMR Sheet of Paper - I and Paper - II to the Invigilator before leaving the examination hall / room. However, candidates are allowed to carry the Test Booklets of Paper - I and II along with duplicate copy (carbonless copy) of OMR Sheet on conclusion of examination.
- There is no provision of re-evaluation/re-checking of results. No correspondence in this regard shall be entertained.

# પરીક્ષાનો અભ્યાસક્રમ

- ગુજરાત સેટ (GSET)ની પરીક્ષાનો અભ્યાસક્રમ UGC / CSIR- NETને સમકક્ષ રહેશે. ગુજરાત સેટ (GSET)માં સમાવિષ્ટ તમામ વિષયોનો અભ્યાસક્રમ GSET ની વેબસાઇટ : www.gujaratset.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત SET કાર્યાલય, વડોદરા કોઇપણ ઉમેદવારને વ્યક્તિગત રીતે અભ્યાસક્રમ મોકલશે નહી.
- વિજ્ઞાનના વિષયો જેમ કે, મેથેમેટીકલ સાયન્સીસ, ફીઝીકલ સાયન્સીસ, કેમીકલ સાયન્સીસ, લાઇફ સાયન્સીસ, અર્થ સાયન્સીસનો અભ્યાસક્રમ CSIR - NET ને સમકક્ષ જ રહેશે. પરંતુ પરીક્ષા પદ્ધતિ UGC - NET સમકક્ષ રહેશે. એ સિવાયના બધા વિષયોનો અભ્યાસક્રમ UGC - NET ને સમકક્ષ જ રહેશે.

# Syllabus of GSET Examination

- Syllabus for GSET Examination will be the same as UGC / CSIR NET. Syllabi for all Gujarat SET (GSET) subjects can be downloaded from the GSET Website www.gujaratset.ac.in . Gujarat SET Office, Vadodara will not send the syllabus to individual candidates.
- For Science Subjects i.e. Mathematical Sciences, Physical Sciences, Chemical Sciences, Life Sciences & Earth Sciences, the syllabus is same as of the CSIR-NET. However, the examination Pattern will be same as of the UGC-NET, described above. For all other subjects, the syllabus is same as of the UGC-NET.

# દિવ્યાંગ ઉમેદવારો માટેની જોગવાઈ

- દિવ્યાંગ **(PwD)** ઉમેદવારોએ અરજીપત્રક તથા **OMR** જવાબપત્રકમાં તેમની દિવ્યાંગતા અંગેની વિગતો ચોક્કસપણે દર્શાવવાની રહેશે. ઉમેદવારે પસંદ કરેલ દિવ્યાંગતા શ્રેણીને અનુરૂપ સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ માન્ય દિવ્યાંગતા પ્રમાણપત્ર ધરાવવું ફરજિયાત છે.
- અરજીપત્રક તથા **OMR** જવાબપત્રકમાં દર્શાવેલ દિવ્યાંગતા શ્રેણી ઉમેદવારના દિવ્યાંગતા પ્રમાણપત્રમાં ઉલ્લેખિત દિવ્યાંગતા શ્રેણી સાથે સંપૂર્ણપણે સુસંગત હોવી આવશ્યક છે. ઉમેદવાર દ્વારા દિવ્યાંગતા પ્રમાણપત્રમાં દર્શાવેલ શ્રેણીથી ભિન્ન દિવ્યાંગતા શ્રેણી પસંદ કરવામાં આવશે તો ઉમેદવારને ગુજરાત **SET** પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
- દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે RPwD Act 2016 ની સૂચિ અનુસાર નીચે દર્શાવેલ ખંડ (a) થી (e) પૈકી ઉમેદવારને લાગુ પડતી દિવ્યાંગતા સ્પષ્ટ દર્શાવવાની રહેશે:
    a) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ (VH)
    b) બધિર અને ઓછું સાંભળનાર (HH)
    c) મગજના લકવા સહિતની હલન ચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામાનતા, એસિડ અટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ (PH)
    d) સ્વલિનતા(autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી(MD/OH)
    e) બહેરાશ – અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા અન્ય નિર્દિષ્ટ વિકલાંગતાઓ. (MD/OH)

- **અંધત્વ અને ઓછી દ્રષ્ટિ શ્રેણીના** દિવ્યાંગ ઉમેદવારોને ગુજરાત SET કાર્યાલય દ્વારા પરીક્ષામાં લહિયાની(રાઇટર) સુવિધા આપવામાં આવશે. લહિયો(રાઇટર) કોઇપણ વિદ્યાશાખામાં સ્નાતક હશે અને ઉમેદવારના વિષયનો નહી હોય. **અંધત્વ અને ઓછી દ્રષ્ટિ શ્રેણીના દિવ્યાંગ ઉમેદવારો માટે બ્રેઇલમાં પ્રશ્ન પુસ્તિકાઓની કોઈ જોગવાઈ નથી.**
- અંધત્વ અને ઓછી દ્રષ્ટિ શ્રેણી સિવાયના, જાતે પોતાના હાથે ન લખી શકે એવા અન્ય કોઈપણ દિવ્યાંગ ઉમેદવારો ઉપર મુજબના લહિયાની સુવિધા મેળવી શકશે.
- **તમામ દિવ્યાંગ** ઉમેદવારો માટે પેપર - ૧ માટે અલગથી ૨૦ મિનિટનો અને પેપર - ૨ માટે ૪૦ મિનિટનો વધારાનો સમય આપવામાં આવશે.

## Provisions for persons with disability

- Persons with Disabilities (PwD) candidates must accurately indicate the details of their disability in both the application form and the OMR answer sheet. Candidates are required to possess a valid disability certificate corresponding to the disability category selected.
- The disability category indicated in the application form and the OMR answer sheet must exactly match the disability specified in the candidate's disability certificate. If a candidate selects a disability category different from that specified in the disability certificate, the candidate shall be deemed ineligible for the Gujarat SET examination.
- Only candidates with disability of 40% or more will be eligible for the benefit of reservation. The candidate desiring to avail the benefit of reservation will have to clearly indicate which of the following categories (a) to (e) he/she has the disability according to the Schedule of the RPwD Act 2016:
    a) Blindness and low vision (VH)
    b) Deaf and hard of hearing (HH)
    c) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy (PH)
    d) Autism, intellectual disability, specific learning disability and mental illness; (MD/OH)
    e) Multiple disabilities from amongst persons under clauses (a) to (d) including deaf-blindness and other specified disabilities. (MD/OH)
- **Blindness and low vision category** candidates will also be provided the services of a Scribe/writer who would be a graduate in a subject other than that of the candidate by GSET office. **There is no provision of Test Booklets in Braille for Blindness and low vision category candidates.**
- Those Persons with Disabilities (PwD) candidates, other than Blindness and low Vision Category candidates, who are not in a position to write in their own hand-writing can also avail Scribe/writer services.
- All Persons with Disabilities (PwD) candidates shall be provided compensatory time of 20 (twenty) minutes for Paper I and 40 (forty) minutes for Paper II.

# પરીણામ જાહેર કરવા માટે ની કાર્યપધ્ધતિ અને માપદંડ

**આમાં નીચે મુજબનાં પગલાંનો સમાવેશ કરવામાં આવશે**

- **પગલું - ૧** : આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત માટે કુલ ઉમેદવારોની સંખ્યા (કુલ સ્લૉટ્સ), માસ્ટર ડિગ્રી અથવા સમકક્ષ પરીક્ષા ના આધારે, GSET નાં બંને પેપર્સની પરીક્ષા માં હાજર રહેલા હોય તેવા ઉમેદવારોના 6% રહેશે.
- **પગલું - ૨** : કુલ સ્લોટને ગુજરાત સરકારની ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે પ્રવર્તમાન અનામત નીતિને અનુસરી વિવિધ કેટેગરીમાં ફાળવવામાં આવશે.
- **પગલું - ૩** : આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત માટે સમાવિષ્ટ થવા ઉમેદવારે બન્ને પેપરની પરીક્ષા આપી હોય તથા General (Unreserved) /General-EWS કેટેગરીના ઉમેદવારોએ બંને પેપર્સના મળીને ઓછામાં ઓછા 40% કુલ ગુણ અને આરક્ષિત વર્ગોના, એટલે કે SC, ST, SEBC(NON - Creamy Layer) તથા PWD, થર્ડ જેન્ડર ઉમેદવારોએ બંને પેપર્સના મળીને ઓછામાં ઓછા 35% કુલ ગુણ મેળવેલ હોવા જોઈએ.
- **પગલું - ૪** : કોઈ પણ વિષયમાં કોઈ ચોક્કસ કેટેગરી માટે ઉત્તીર્ણ જાહેર કરી શકાય તેવા ઉમેદવારોની સંખ્યાની ગણતરી નીચે દર્શાવેલ પદ્ધતિ મુજબ કરવામાં આવશે:

<table>
<tr><td rowspan="3">અનુસૂચિત જાતિ (SC) માટે વિષય "અર્થશાસ્ત્ર" (ધારો કે) માં આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત માટે ક્વોલિફાઈ જાહેર કરી શકાય તેવા કુલ ઉમેદવારોની સંખ્યા</td><td>વિષય "અર્થશાસ્ત્ર" માટે અનુસૂચિત જાતિ (SC)ના જેમણે બંને પેપર્સના મળીને કુલ ગુણમાં ઓછામાં ઓછા 35 ટકા કુલ ગુણ મેળવ્યા હોય એવા *ઉમેદવારોની સંખ્યા</td><td>(×)</td><td>પગલું - ૨ મુજબ અનુસૂચિત જાતિ (SC) માટેના કુલ સ્લોટ્સ</td></tr>
<tr><td colspan="3">(÷)</td></tr>
<tr><td colspan="3">તમામ વિષયો માટે અનુસૂચિત જાતિ (SC)ના જેમણે બંને પેપર્સના મળીને ઓછામાં ઓછા 35 ટકા કુલ ગુણ મેળવ્યા હોય એવા કુલ ઉમેદવારોની સંખ્યા</td></tr>
</table>

- આ ઉદાહરણમાં, કુલ સ્લોટ્સની સંખ્યાને અનુરૂપ બે પેપર્સની કુલ ટકાવારી, અનુસૂચિત જાતિ(SC) માટે વિષય "અર્થશાસ્ત્ર" માં અધ્યાપક સહાયકની લાયકાત માટે ક્વોલિફાઇંગ કટ-ઓફ નક્કી કરશે. આ પ્રકારની સમાન ફાળવણીની પ્રક્રિયા તમામ વિષયો અને અનામત / બીન અનામત વર્ગો માટે વપરાય છે.

  ***તેમની માસ્ટર ડિગ્રી અથવા સમકક્ષ પરીક્ષાના આધારે પરીક્ષા આપનાર.**

- એ બાબતની ખાસ નોંધ લેવી કે UGC / ગુજરાત SET કાર્યાલય દ્વારા નિયત કરાયેલ ઉપરોક્ત કાર્યપધ્ધતિ અને માપદંડ અંતિમ અને બંધનકર્તા રહેશે...

# Procedure and Criteria for Declaration of Result

This will comprise of the following steps:

- **Step I:** The number of candidates to be qualified (total slots) for Eligibility for Assistant Professor shall be equal to 6% of the candidates appeared in both the papers of GSET on the basis of their master's degree or equivalent examination.
- **Step II:** The total slots shall be allocated to different categories as per the prevalent reservation policy of the Gujarat State for admission in Higher Education.
- **Step III:** In order to be considered, the candidate must have appeared in both the papers and secured at least 40% aggregate marks in both the papers taken together for General (Unreserved) /General-EWS category candidates and at least 35% aggregate marks in both the papers taken together for all candidates belonging to the reserved categories viz., SC, ST, SEBC (belonging to Non-Creamy Layer), PwD and Third gender.
- **Step IV:** The number of candidates to be declared qualified in any subject for a particular category is derived as per the following methodology illustrated below:

<table>
<tr><td rowspan="3">Number of candidates to be declared qualified for Eligibility for Assistant Professor in the subject 'Economics' (say) for the Scheduled Caste (SC) category</td><td>Number of candidates* belonging to SC category who secure at least 35% aggregate marks in both the papers taken together for SC category for 'Economics'</td><td>(×)</td><td>Total slots derived for SC category as per Step II</td></tr>
<tr><td colspan="3">(÷)</td></tr>
<tr><td colspan="3">Total number of candidates* belonging to SC category over all subjects who secure at least35% aggregate marks in both the papers taken together.</td></tr>
</table>

- The aggregate percentage of the two papers corresponding to the number of slots arrived at, shall determine the qualifying cut-off for Eligibility for Assistant Professor in 'Economics' for the SC category. Similar yardstick shall be employed for deriving the subject-wise qualifying cut-offs for all subjects and categories.

  *** Appearing on the basis of their master's degree or equivalent examination.**
- **It may be noted that, notwithstanding the above, the qualifying criteria as decided by UGC / Gujarat SET office is final and binding.**

# અરજી કેવી રીતે કરશો ?(અરજી ઓનલાઇન કરવાની રહેશે)

- ઉમેદવારે ઓનલાઇન એપ્લિકેશન ફોર્મ ભરતાં પહેલાં અને જમા કરાવતા પહેલાં **"શૈક્ષણિક લાયકાત"** વિશેના નિયમો વાંચી લેવા જરૂરી છે અને ગુજરાત સ્ટેટ એલિજિબિલીટી ટેસ્ટના વેબસાઇટ પર મૂકેલ માહિતી પુસ્તિકા તથા દૈનિક વર્તમાનપત્રો(છાપાં) અને એમ્પ્લોયમેન્ટ ન્યુઝ વગેરેમાં પ્રકાશિત જાહેરાત / જાહેરનામા નો ધ્યાનપુર્વક અભ્યાસ કરવો.

# ઓનલાઇન અરજી ફોર્મ ભરવા અનિવાર્ય બે ફરજિયાત પગલાં

### પગલું ૧ - પરીક્ષા ફી ભરવી.

- ઉમેદવારે ફી ભરવા (પગલું ૧) માટે GSET ની વેબસાઈટ : www.gujaratset.ac.in ની મુલાકાત લેવી. પરીક્ષા ફી તથા લાગુ પડતી પ્રોસેસિંગ ફી અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ની ચુકવણી, નેટ બેન્કિંગ / ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ દ્વારા માત્ર ઓનલાઈન જ કરી શકાશે.
- ફી ચુકવણી માટે સ્ક્રીન પર આવતી સૂચનાઓને અનુસરો અને આવશ્યક પરીક્ષા ફી ની સફળતાપુર્વક ચુકવણી બાદ ફી ભાર્યાની પાવતીની પ્રિન્ટ લઇ લો.
- GSET પરીક્ષા માટે ઓન લાઇન રજીસ્ટ્રેશન (પગલું – ૨) કરવા, ફી ભાર્યાની પાવતીમાં આપેલ **Order Number અને Payment Reference ID (Easepay ID)** નોંધી લો અને સાચવીને રાખો.

### પગલું ૨ - GSET પરીક્ષા માટે ઓનલાઇન ઉમેદવારી ની નોંધણી કરો

- ઓનલાઇન એપ્લિકેશન કરતા પહેલાં ઉમેદવાર પાસે પોતાનો તાજેતરનો સ્કેન કરેલો પાસપોર્ટ સાઇઝ ફોટો JPEG ફોર્મેટમાં 100kbથી ઓછી ફાઇલ સાઇઝમાં હોવો જોઇએ.
- ઉમેદવાર GSET ની વેબસાઇટ : : www.gujaratset.ac.in પર **Order Number અને Payment Reference ID (Easepay ID)** થી પોતાના ખાતામાં **"LOGIN"** થયા બાદ **"Step 2 - Register Online for GSET"** બટન ક્લિક કરી GSET પરીક્ષા માટે ઓનલાઇન અરજી ફોર્મ ભરી શકશે.
- ઓનલાઇન અરજી ફોર્મ પર માગેલ બધી જ માહિતી ખાસ સાવચેતી રાખી ભરવી અને સંપૂર્ણ પ્રક્રિયા દરમ્યાન સ્કિન પર આવતી માહિતીને અનુસરવૂં. તમારુ નામ, વિષય, કેન્દ્ર, કેટેગરી, દિવ્યાંગતા શ્રેણી, ફી, પોતાનો તાજેતર સ્કેન કરેલો પાસપોર્ટ સાઇઝ ફોટો કે જે JPEG ફોર્મેટમાં, 100 kb થી ઓછી ફાઇલ સાઇઝમાં વગેરે વિગતો અને અન્ય જરૂરી વિગતો ભરતી વખતે ખાસ સાવચેતી રાખો કારણકે એકવાર ફોર્મ જમા કરાવ્યા બાદ આ તમામ વિગતોમાં કોઇ સુધારો કરી શકાશે નહીં જેને કારણે થતા ગેરફાયદા માટે ગુજરાત SET કાર્યાલય જવાબદાર રહેશે નહી.
- **આપનું રજીસ્ટ્રેશન સફળતાપૂર્વક થઇ ગયા બાદ, તમારી સમક્ષ રજુ થયેલ પેજ પરથી આપના ભરેલ ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ ની પ્રિન્ટઆઉટ** કરી લેવી. ઉમેદવારે ભરેલ એપ્લિકેશન ફોર્મની પ્રિન્ટઆઉટ ભવિષ્યના ઉપયોગ માટે પોતાની પાસે ફરજિયાત રાખવું.
- તકનીકી કારણોસર કે અન્ય કોઈ કારણોસર એપ્લિકેશન ફોર્મની પ્રિન્ટ કોપીમાં ઉમેદવાર નો અપલોડ કરેલો પાસપોર્ટ સાઇઝ ફોટો બરાબર ન દેખાય / છપાય, તો યોગ્ય સુધારા માટે ઉમેદવારે તરત જ રજીસ્ટ્રેશન ની વિગતો સાથે પોતાનો તાજેતર સ્કેન કરેલો પાસપોર્ટ સાઇઝ ફોટો E - Mail : info@gujaratset.ac.in પર મોકલી આપવો.
- નોંધ લેશો કે અરજીનું કન્ફર્મેશન મેળવવાની, હોલ ટિકીટ ડાઉનલોડ કરવાની અને બેઠક વ્યવસ્થા / પરીક્ષા સ્થળ વિષેની જાણકારી GSETની વેબસાઇટ પરથી નોંધી લેવાની જવાબદારી માત્ર ને માત્ર

ઉમેદવારની પોતાની રહેશે. ગુજરાત SET કાર્યાલય આ બાબતે કોઈ ઈમેલ / sms મોકલશે નહીં તથા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહી.

- ઉમેદવારને સૂચિત કરવામાં આવે છે કે છેલ્લા સમયે ઉતાવળે ફોર્મ ભરવાને બદલે વહેલાં અનુકૂળ સમયમાં ભરી દેવું. ગુજરાત SET કાર્યાલય નેટવર્ક કે અન્ય પ્રશ્નો માટે જવાબદાર રહેશે નહીં.

## How to Apply (Application to be submitted Online)

- The candidates must read the **'ELIGIBILITY CRITERIA'** carefully and must satisfy themselves regarding their eligibility for GSET Examination before filling the online application and depositing examination fee. Before applying Online, candidates are advised to go through detailed Information Bulletin available at GSET website and also to be shortly published Notification in the Local Newspapers and Employment News.

## Two Mandatory Steps for submission of Online Application Form

### Step 1 - Pay Examination Fee

- Candidate has to visit GSET website: www.gujaratset.ac.in for fee payment (Step – I). Examination fee and Processing charges & Goods and Services Tax (GST), as applicable, can be paid only through online mode by Credit Card / Debit Card / Net Banking.
- Follow on screen instructions for payment of requisite fee and print examination fee receipt generated after successful transaction.
- Candidates should note down and preserve **Order Number and Payment Reference ID (Easepay ID)** for online registration of their application form (Step-II).
- It is mandatory for the candidate to keep and preserve Fee payment transaction receipt with him/her for future reference.

### Step 2 - Register Online for GSET Examination

- Before applying Online, the candidates must possess the Scanned passport (pp) size photograph in JPEG format and should not be more than 100kb.
- Candidate has to visit the GSET website : www.gujaratset.ac.in and provide **Order Number and Payment Reference ID (Easepay ID)** to **"LOGIN"** his / her account for filling up the Application Form for GSET Examination by clicking **"Step 2-Register Online for GSET"** button available under candidate's Account.
- Please fill correct information carefully in the online application form and follow the on-screen instructions for filling up application form. Confirm that your Name, Fee Details, Subject, Centre, Category, disability category, recent passport size photo scanned in JPEG format and not be more then 100kb and all other details filled are correct. **Otherwise, no correction will be made after you submit the application form.** Gujarat SET Office will not be responsible for loss arising out of these to the candidates.
- **After successful submission and confirmation, the candidate should take printout of filled online Application Form**. It is mandatory for the candidate to keep and preserve printout of filled online Application Form with him/her for future reference.

- Due to Technical or any other reason, if the Scanned passport (pp) size photograph uploaded by candidate does not appear / printed properly on Print out of Online Application form, Candidates are requested to send **Scanned passport (pp) size photograph with the registration details immediately for photo correction on E-Mail: info@gujaratset.ac.in**
- It may be pointed out that getting application confirmation, downloading Examination Hall Ticket and noting of seating arrangement/venue of GSET Examination from the GSET website shall be the sole responsibility of candidate only. Gujarat SET Office will not send email / sms and will not be held responsible in this regard.
- In order to avoid last minute rush, the candidates are advised to apply early. Gujarat SET Office will not be responsible for network problems or any other problem of this nature.

# હોલ ટિકિટ

ઉમેદવારો માટે નોંધનીય છે કે હોલ ટિકિટ પરીક્ષાના દિવસના ૭ દિવસ પહેલા **www.gujaratset.ac.in** વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. **ઉમેદવારોને ટપાલ દ્વારા હોલ ટિકિટ મોકલવામાં આવશે નહીં.** ઉમેદવારોએ તેમની હોલ ટિકિટમાં દર્શાવેલ **GSET** પરીક્ષાનું સ્થળ સુનિશ્ચિત કરવા વેબસાઇટ પરથી તેમની હોલ ટિકિટ ડાઉનલોડ કરવી અને માત્ર નિયુક્ત પરીક્ષા કેન્દ્ર પર જ પરીક્ષામાં હાજર રહેવું. હોલ ટિકિટમાં ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર સિવાય ના અન્ય કોઈપણ પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારને પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# Hall Ticket

It may be noted that the hall ticket will be uploaded on the website www.gujaratset.ac.in 7 days prior to Examination day. **No hall ticket will be sent to the candidates by post**. The candidates should download their hall ticket from the website to ascertain their venue of GSET Examination as mentioned in the Hall Ticket and appear in the examination only at the designated examination center. **No candidate will be allowed to appear at the examination center other than that allotted to him/her in the Hall Ticket.**

## OMR ઉત્તરપત્રક ભરવા માટેની માર્ગદર્શિકા

- OMR ઉત્તરપત્રકમાં રોલ નંબર, પેપર-II નો વિષય કોડ, કેન્દ્ર કોડ, કેટેગરી કોડ, દિવ્યાંગ ઉમેદવાર કેટેગરી કોડ, પેપર-I બુકલેટ પ્રકાર (A, B, C, D) અને પેપર-II નો વિષય જેવી વિગતો ભરો અને સંબંધિત ગોળાને માત્ર ભૂરી / કાળી બોલ પેનથી ભરો.
- કૃપા કરીને ગોળાને સંપૂર્ણ રીતે ભરો. ગોળો ભરતી વખતે શાહી ગોળાની બહાર ન ફેલાય તેની કાળજી રાખો.
- દરેક પ્રશ્ન માટેⒶⒷ Ⓒ Ⓓએમ ચાર વિકલ્પો આપવામાં આવ્યા છે. સાચા જવાબ માટે સંબંધિત ⬤ ગોળાને માત્ર ભુરી / કાળી બોલ પેનથી ભરો. ઉદાહરણ તરીકે:Ⓐ ⬤ Ⓒ Ⓓમાં 'B' સાચો જવાબ હોય તો 'B' નો ગોળો ઉપરોક્ત રીતે ભરો.
- OMR ઉત્તરપત્રકમાં એકવાર જવાબ ભર્યા પછી તેમાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં. એકથી વધુ જવાબ ભરવાની મંજૂરી નથી. જવાબમાં ફેરફાર કરવા માટે ઘસવું અથવા વ્હાઇટનરનો ઉપયોગ કરવો "અન્યાયી સાધનો (Unfair Means)" હેઠળ ગણાઈ શકે છે. આવી સ્થિતિમાં ઉમેદવારને અયોગ્ય જાહેર કરી તેનું પરિણામ રદ કરવામાં આવશે.
- OMR ઉત્તરપત્રક પર કોઈપણ પ્રકારના અનાવશ્યક નિશાન ન કરો તથા વાળશો નહીં અથવા તેની ધારને નુકસાન પહોંચાડશો નહીં.
- OMR ઉત્તરપત્રક પર ઉમેદવારની સહી ફરજિયાત છે. સહી ન કરેલ હોય તેવા ઉમેદવારને અયોગ્ય જાહેર કરી તેનું પરિણામ રદ કરવામાં આવશે.
- અરજી ફોર્મ અને OMR ઉત્તરપત્રકમાં ઉમેદવારની વિગતોમાં કોઈ તફાવત હોય તો OMR જવાબ શીટમાં ભરેલી વિગતોને અંતિમ માનવામાં આવશે. માહિતીમાં ફેરફાર માટેની કોઈપણ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.

## Guidelines for filling the OMR answer sheet

- Fill the entries in the OMR Sheet such as Roll Number, Subject Code of Paper - II, Center Code, Category Code, Persons with Disabilities Category Code, Paper-I Booklet Type (i.e. A,B,C,D), Subject for Paper - II and darken the appropriate circles with Blue/Black Ball Point Pen only.
- Please darken the circle completely. However, while darkening the circle, it may be ensured that the ink should not spread out of the circle.
- Each Question has four alternative responses marked asⒶⒷ Ⓒ Ⓓ. You must darken ⬤ the circle with Blue/Black Ball Point Pen only. For Example Ⓐ⬤ Ⓒ Ⓓwhere 'B' is the correct answer.
- Once marked, no change in the answer is allowed in the OMR Sheet. More than one response is not permitted. Change of response by scratching or using white liable to be kept under the category "Unfair Means". The result of the candidate may not be processed and may be declared disqualified.
- Please do not make any stray mark on the OMR Sheet and Do not fold or damage the edges of OMR Sheet.

- Signature of the candidate is mandatory on OMR Sheet failing which his/her result may not be processed and may be declared disqualified.
- In case of any discrepancy in details of candidates in Application Form and OMR Answer sheet, the details filled up in OMR Answer sheet will be taken as final. Any request for change in information will not be entertained.

## GSET સાથે રજૂઆત / સંદેશા વ્યવહાર

ઉમેદવારોને જાણ કરવામાં આવે છે કે પરીક્ષા સંબંધિત તમામ રજૂઆતો અથવા સંદેશાવ્યવહાર માત્ર ઉમેદવારના નોંધાયેલ (Registered) ઇમેઇલ સરનામાથી info@gujaratset.ac.in પર મોકલવાના રહેશે. આવા સંદેશાવ્યવહારમાં ઉમેદવારનું નામ, રજીસ્ટ્રેશન /રોલ નંબર અને માન્ય સંપર્ક નંબરનો ઉલ્લેખ કરવો ફરજિયાત છે અને તે માત્ર પરીક્ષા સંબંધિત બાબતો પૂરતો જ મર્યાદિત હોવો જોઈએ.

ઉમેદવાર સિવાય અન્ય કોઈ વ્યક્તિ, પ્રતિનિધિ, સહયોગી અથવા તૃતીય પક્ષ દ્વારા કરવામાં આવેલ સંદેશાવ્યવહાર માન્ય ગણવામાં આવશે નહીં અને તેની કોઈ નોંધ લેવામાં આવશે નહીં.

વધુમાં, ઉમેદવારોને જાણ કરવામાં આવે છે કે GSET દ્વારા આંતરિક દસ્તાવેજો, આંતરિક નિર્ણય પ્રક્રિયા, આંતરિક બેઠકોની તારીખો અને સ્થળ, સંબંધિત અધિકારીઓ/કર્મચારીઓના નામ અથવા GSET દ્વારા ગોપનીય માનવામાં આવતી અન્ય કોઈ માહિતી જાહેર કરવામાં આવશે નહીં.

## Representation/ Correspondence with GSET

Candidates are advised that all representations or correspondence regarding the examination must be submitted only from their registered email address to **info@gujaratset.ac.in**. The communication must include the candidate's Name, Registration/Roll Number, and valid contact number, and should pertain only to examination-related matters.

Communications from any person other than the candidate, including representatives, associates, or other third parties, shall not be entertained.

Candidates are further informed that GSET will not disclose internal documents, decision-making processes, details of internal meetings, names of officials handling the matter, or any other information deemed confidential by GSET.

# GSET પ્રમાણપત્રની ખરાઈ

**(GSET** લાયકાત ધરાવતા ઉમેદવારની અધ્યાપક સહાયક તરીકે નિમણુંક કરતા પહેલા ભરતી કરનાર સંસ્થાએ કરવાની રહેશે.)

GSET લાયકાત ધરાવતા ઉમેદવારની અધ્યાપક સહાયક તરીકે નિમણુંક કરવાના હેતુથી, GSET પ્રમાણપત્રની અધિકૃતતાની ચકાસણી કરવા ઇચ્છુક, ગુજરાત રાજ્યની યુનિવર્સિટી અથવા સરકારી/સંલગ્ન/ખાનગી કોલેજ એ ગુજરાત SET કાર્યાલય, વડોદરાને સંપર્ક કરવાનો રહેશે;

GSET **પ્રમાણપત્ર ખરાઈની અરજીની નોંધણી નિમ્નલિખિત રીતે મોકલીને કરવી;**

- **યુનિવર્સિટી અથવા સરકારી / સંલગ્ન / ખાનગી કોલેજના લેટરહેડ પર ઉમેદવારની ટેબ્યુલર ફોર્મેટમાં નીચેની વિગતો સાથે કવરિંગ લેટર**

| તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો. | GSET પરીક્ષા તારીખ | રજીસ્ટ્રેશન નંબર | રોલ નંબર | નામ | GSET પરીક્ષામાં દર્શાવેલ વિષય | GSET પરીક્ષામાં દર્શાવેલ કેટેગરી / જાતિ | ભરતી / નિમણુંક માટે દર્શાવેલ વિષય | ભરતી / નિમણુંક માટે દર્શાવેલ કેટેગરી / જાતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

- **GSET પ્રમાણપત્રની ખરાઈ જરૂરી હોય તેવા ઉમેદવારના નીચેના દસ્તાવેજોની ફોટો (ઝેરોક્સ) નકલો:**
  - GSET પ્રમાણપત્ર
  - અનુસ્નાતક (માસ્ટર્સ) ડિગ્રી પ્રમાણપત્ર અને તમામ વર્ષ/સેમેસ્ટરની માર્કશીટ
  - ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ જાતિ પ્રમાણપત્ર (SC/ST/SEBC માટે) (જો લાગુ હોય તો)
  - ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ નવીનતમ નોન ક્રીમી લેયર પ્રમાણપત્ર (SEBC માટે) (જો લાગુ હોય તો)
  - ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ આર્થિક રીતે નબળા વિભાગો (GEN-EWS માટે) માટેનું પ્રમાણપત્ર (જો લાગુ હોય તો)
  - સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ દિવ્યાંગતાનું તબીબી પ્રમાણપત્ર તથા UDID કાર્ડ (જો લાગુ હોય તો)
- **GSET પ્રમાણપત્ર ખરાઈ વિનંતી યુનિવર્સિટી અથવા સરકારી / સંલગ્ન / ખાનગી કોલેજ એ હાર્ડ કોપીમાં ગુજરાત SET કાર્યાલય ને સંબોધિત કરી સ્પીડ-પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટ/કુરિયર દ્વારા જ મોકલવી.**
- GSET પ્રમાણપત્ર ખરાઈ માટે ઉમેદવારે જાતે અથવા અન્ય કોઈ એ પણ ગુજરાત SET કાર્યાલય, વડોદરા ખાતે રૂબરૂ આવવું નહીં.
- **GSET પ્રમાણપત્ર ખરાઈ માટે કોઈ ફી અથવા પ્રોસેસિંગ શુલ્ક લાગુ પડતા નથી.**

**Disclaimer: In case of any discrepancy in Gujarati version, English version should be taken as final.**

**અસ્વીકરણ:** ગુજરાતી વર્ઝનમાં કોઈ વિસંગતતા જણાય તેવા સંજોગોમાં અંગ્રેજી વર્ઝન અંતિમ અને માન્ય રાખવામા આવશે.

# GSET Certificate Verification

## (To be done by recruiting authority before appointing GSET Qualified Candidate as Assistant Professor)

**University or Government / Affiliated / Private College of Gujarat State, desirous of Verification of Authenticity of GSET Certificate, before recruiting GSET Qualified Candidate as Assistant Professor need to communicate to Gujarat SET Office, Vadodara.**

- The request of GSET Certificate verification should be registered by sending; **The covering letter on the University's or Government / Affiliated / Private College's letterhead, with following details of candidate in tabular format**

| Affix Recent Passport Size Photograph | Date of GSET Examination | Registration Number | Roll Number | Name | GSET Examination Subject | GSET Examination Category | Recruitment Subject | Recruitment Category |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

- **Photo (Xerox) Copies of following documents of candidate whose GSET Certificate verification is required:**
    - GSET Certificate
    - Master's Degree Certificate and Mark sheets of all years / semesters
    - Caste Certificate (for SC / ST / SEBC) issued by Gujarat State Government (if Applicable)
    - Latest non-creamy layer Certificate (for SEBC) issued by Gujarat State Government (if Applicable)
    - Certificate for Economically Weaker Sections (for GEN-EWS) issued by Gujarat State Government (if Applicable)
    - Medical Certificate of Disability and UDID Card issued by competent authority (if Applicable)
- The GSET Certificate verification request shall be sent by University or Government / Affiliated / Private College via Speed-post/Registered Post/Courier in hard copy addressed to the Gujarat SET office.
- Candidate or any other person on behalf of him/her, should not personally visit Gujarat SET Office, Vadodara for GSET Certificate Verification.
- No Fee or Processing Charges are applicable for GSET Certificate Verification.

# ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ અને પરીક્ષાના નિયમોનો ભંગ

- ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ એ એક એવી પ્રવૃત્તિ છે જે ઉમેદવારને અન્ય ઉમેદવારો કરતાં અન્યાયી ફાયદો મેળવવાની તક આપે છે જેમાં નીચે જણાવેલ રીતો શામેલ છે, પરંતુ તે પૂરતી મર્યાદિત નથી:
  - એવી કોઈપણ પ્રતિબંધિત અથવા ગેરવાજબી સાધનો/રીતો માટે ઉપયોગમાં લઈ શકાય તેવી વસ્તુ સાથે રાખવી કે જેમાં કોઈપણ સ્ટેશનરી, સંદેશાવ્યવહાર ઉપકરણ, એસેસરીઝ, ખાવા યોગ્ય વસ્તુઓ, ઘરેણાં અથવા કોઈપણ અન્ય સામગ્રી અથવા માહિતીનો સમાવેશ થાય છે જે સંબંધિત પેપરમાં પરીક્ષા સાથે સંબંધિત છે અથવા સંબંધિત નથી.
  - પરીક્ષા લખવા માટે પોતાને સ્થાને કોઈ અન્ય કોઈ વ્યક્તિનો ઉપયોગ કરવો (ઢોંગ) અથવા નકલ કરવા માટે સામગ્રી તૈયાર કરવી;
  - પરીક્ષાના નિયમો અથવા GSET પરીક્ષાના સંદર્ભમાં જારી કરાયેલ કોઈપણ નિર્દેશનો ભંગ કરવો.
  - અન્ય ઉમેદવારોને ગેરરીતિમાં સામેલ થવામાં મદદ કરવી, કોઈપણ પ્રકારની સીધી કે આડકતરી રીતે સહાય આપવી અથવા પ્રાપ્ત કરવી અથવા તેમ કરવાનો પ્રયાસ કરવો.
  - પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા સ્ટાફ સિવાય કોઈપણ વ્યક્તિનો સંપર્ક કરવો અથવા વાતચીત કરવાનો અથવા આમ કરવાનો પ્રયાસ કરવો.
  - પરીક્ષાના સંચાલન સાથે સંકળાયેલા કોઈપણ અધિકારીઓને ધમકી આપવી અથવા કોઈપણ ઉમેદવારોને ધમકી આપવી.
  - પરીક્ષાના સંદર્ભમાં અન્ય કોઈપણ અનિચ્છનીય પદ્ધતિ અથવા માધ્યમનો ઉપયોગ કરવો અથવા ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો.
  - ઓનલાઈન દસ્તાવેજો જેમ કે હોલ ટિકિટ, નોંધણી ફોર્મ, ફી રસીદ, વગેરેમાં છેડછાડ અને બનાવટ.
  - પરીક્ષા કેન્દ્ર/હોલમાં બળજબરીથી પ્રવેશવું કે બહાર નીકળવું.
  - પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કર્યા પછી કોઈપણ ઇલેક્ટ્રોનિક ઉપકરણનો ઉપયોગ અથવા ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો.
  - અરજી ફોર્મ/હોલ ટિકિટ પર ખોટા/મોર્ફ કરેલા ફોટોગ્રાફ્સ/સહીઓ લગાવવા/અપલોડ કરવા.
  - પરીક્ષાના સુગમ અને ન્યાયી સંચાલનમાં અવરોધો ઉભા કરવા.
  - પરીક્ષા આપ્યા પહેલાં કે પછી કોઇપણ પ્રકારની લાગવગ લગાડવી
  - ગુજરાત SET કાર્યાલય/UGC દ્વારા ગેરવાજબી સાધનો/રીતો તરીકે જાહેર કરાયેલ કે કોઈપણ અન્ય ગેરરીતિ.

**અસ્વીકરણ- કોઈપણ વ્યક્તિ/ઉમેદવારને ઉપરોક્ત અથવા અન્ય કોઈ ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ કેસ (UMC) તરીકે વર્ગીકૃત કરવામાં આવે તેવા ગુના માટે દોષિત જાહેર કરવા માટે ગુજરાત SET કાર્યાલયનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.**

- **ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ કરવા બદલ સજા**
  જો કોઈ ઉમેદવાર પરીક્ષા દરમિયાન, તે પહેલાં અથવા પછી ઉપરોક્ત કોઈપણ ગેરવાજબી પ્રથાઓમાં સંડોવાય છે, તો તેમણે ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ કર્યો હોવાનું માનવામાં આવશે અને તેથી તેના પર UNFAIR Means (UFM) કેસ હેઠળ ગુનો નોંધવામાં આવશે. ભવિષ્યમાં ઉમેદવારને ૩ વર્ષ માટે પ્રતિબંધિત કરવામાં આવશે અને ફોજદારી કાર્યવાહી અને/અથવા યોગ્ય ગણાતી અન્ય કોઈપણ કાર્યવાહી માટે પણ તેમ કરનાર ઉમેદવાર જવાબદાર રહેશે. આ સંદર્ભમાં કોઈ દલીલ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
- **પરિણામ રદ**
  જે ઉમેદવાર (ઉમેદવારો) ગેરવાજબી સાધનો/રીતોનો ઉપયોગ કરશે તેમનું પરિણામ રદ કરવામાં આવશે અને જાહેર કરવામાં આવશે નહીં. તેવી જ રીતે, જે ઉમેદવારો તેમને ફાળવેલ કેન્દ્ર સિવાયના કેન્દ્રમાંથી પરીક્ષા આપશે અથવા અન્ય ઉમેદવાર/વ્યક્તિને તેના વતી પરીક્ષા આપવા દેશે તેમનું પરિણામ રદ કરવામાં આવશે. આ સંદર્ભમાં કોઈ દલીલ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## Unfair Means Practices and Breach of Examination Rules

- Unfair Means Practice is an activity that allows a candidate to gain an unfair advantage over other candidates. It includes, but is not limited to:
  - Being in possession of any item or article which has been prohibited or can be used for Unfair Practices including any stationery item, communication device, accessories, eatable items, ornaments or any other material or information relevant or not relevant to the Examination in the paper concerned.
  - Using someone to write Examination (impersonation) or preparing material for copying.
  - Breaching Examination rules or any direction issued in connection with GSET Examination.
  - Assisting other candidates to engage in malpractices, giving or receiving assistance directly or indirectly of any kind or attempting to do so.
  - Contacting or communicating or trying to do so with any person, other than the Examination Staff, during the Examination time in the Examination Centre.
  - Threatening any of the officials connected with the conduct of the Examination or threatening any of the candidates.
  - Using or attempting to use any other undesirable method or means in connection with the examination.
  - Manipulation and fabrication of online documents viz. Hall Ticket, Registration Form, Fee Receipt, etc.
  - Forceful entry in /exit from Examination Centre/Hall.
  - Use or attempted use of any electronic device after entering the Examination Centre.
  - Affixing/uploading of wrong/morphed photographs/signatures on the Application Form/Hall Ticket.
  - Creating obstacles in smooth and fair conduct of examination.
  - Canvassing, before or after Examination, in any form.
  - Any other malpractices declared as Unfair Means by the Gujarat SET Office/UGC.

**Disclaimer- The decision of Gujarat SET Office shall be final and binding for declaration of any person / candidate guilty of foregoing or such offence as shall be classified as Unfair Means Case (UMC).**

- **Punishment for using unfair means practices**

  If a candidate indulges in any of the above or similar practices during the course of, before, or after the examination, he/she shall be deemed to have used unfair practices and thus shall be booked under the UNFAIR MEANS (UFM) case. The candidate would be debarred for 3 years in the future and shall also be liable for criminal action and /or any other action as deemed fit.

- **Cancellation of result**

  The result of the candidate(s) who indulges in Unfair means Practices will be cancelled and will not be declared. Similarly, the result of those candidates who appear from the Centre other than the one allotted to them or allow another candidate/person to write the exam on his behalf will be cancelled. No plea will be entertained in this regard.

**********





**Contact Us:**


Gujarat State Eligibility Test (GSET)

The Maharaja Sayajirao University of Baroda

B – Block, Chameli Baug, Nr. University Guest House,

Prof. C. C. Mehta Road, Pratapgunj, Vadodara – 390002

Helpline : info@gujaratset.ac.in